ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-3

*લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ*

*સહાયક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.*

આવૃત્તિ-અઢારમી ❖ તા.૧-૯-૨૦૧૬

❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૬૧,૫૦૦

કિંમત ₹ ૨-૦૦

**પ્રાપ્તિસ્થાનો**

**અમદાવાદ :**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : ચુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫**

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨**

**જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮**

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग ४-५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૩૦,૦૦૦ નકલ છપાઈ**

# ભાગ-૩ની અનુક્રમણિકા

| ક્રમ | મુખ્ય વિષય | પેજ નં. |
|---|---|---|
| (૧) | સંયમ | ૧ થી ૧૬ |
| (૨) | તપ | ૧૭ થી ૩૦ |
| (૩) | સમાધિકરણ | ૩૧ થી ૩૪ |
| (૪) | ધર્મ નિંદાના ફળ - પૂર્વજન્મ | ૩૫ થી ૪૦ |
| (૫) | નવકારના ચમત્કારો | ૪૧ થી ૪૩ |


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | શ્રીમંત વૃદ્ધે દીક્ષા લીધી | ૧૦૦ |
| ૨. | કિશોરે તીર્થયાત્રામાં અઠ્ઠાઈ કરી | ૧૦૧ |
| ૩. | કોલેજીયન યુવતી રાણી બની | ૧૦૨ |
| ૪. | કોલેજપ્રવેશને બદલે સંયમ | ૧૦૫ |
| ૫. | સામાયિકથી સૂરિ પદે ! | ૧૦૮ |
| ૬. | વૈરાગ્ય | ૧૦૯ |
| ૭. | દીક્ષારાગ | ૧૦૯ |
| ૮. | મહાવૈરાગી યુવતી | ૧૧૦ |
| ૯. | શુભ આલંબનોથી દુરાચારી દિવ્ય પંથે | ૧૧૦ |
| ૧૦. | ૮૨ વયે દીક્ષા ! | ૧૧૨ |
| ૧૧. | ધનાઢ્યની યુવાનીમાં દીક્ષા | ૧૧૨ |
| ૧૨. | સંયમ સંકલ્પથી પ્લેગ—નાશ | ૧૧૪ |
| ૧૩. | સંયમ અનુભવી ખુશખુશાલ ! | ૧૧૫ |
| ૧૪. | સંયમ કબ હી મીલે | ૧૧૫ |
| ૧૫. | તીવ્ર વૈરાગ્ય | ૧૧૬ |
| ૧૬. | ધર્મમાં વિઘ્ન કરવાના કડવા ફળ | ૧૧૭ |
| ૧૭. | તપસ્યા કરતાં કરતાં રે ડંકા જોર બજાયા હો. | ૧૧૮ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧૮. | ઘોર તપસ્વી | ૧૧૯ |
| ૧૯. | પ્રાણાંતે પ્રતિજ્ઞા પાળી ! | ૧૨૦ |
| ૨૦. | તપ–રાગ | ૧૨૦ |
| ૨૧. | માસક્ષમણ-પ્રભાવે અલ્સરનો નાશ | ૧૨૦ |
| ૨૨. | આયંબિલથી મૃત્યુ પર વિજય | ૧૨૨ |
| ૨૩. | જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી | ૧૨૨ |
| ૨૪. | પરિવાર ધર્મપ્રેમી | ૧૨૩ |
| ૨૫. | નવપદ ઓળીથી કોઢનો નાશ | ૧૨૪ |
| ૨૬. | તપે ડાયાબિટિસને ભગાડ્યો | ૧૨૫ |
| ૨૭. | તપની ભાવના ખરેખર છે ? | ૧૨૫ |
| ૨૮. | પ્રથમ આયંબિલનો ચમત્કાર | ૧૨૬ |
| ૨૯. | આયંબિલથી ડાયાબીટીસ મટ્યું | ૧૨૮ |
| ૩૦. | ધન્ય તપસ્વી | ૧૨૮ |
| ૩૧. | અસહ્ય વેદનામાં સમાધિ | ૧૩૦ |
| ૩૨. | આશ્ચર્યકારી ઘટના (પ્રશંસનીય મૃત્યુ) | ૧૩૧ |
| ૩૩. | ધર્મથી સમાધિ | ૧૩૧ |
| ૩૪. | સમાધિ મરણ | ૧૩૧ |
| ૩૫. | પ્રવચનથી સધર્મિકો માટે કરોડો | ૧૩૪ |
| ૩૬. | ધર્મની નિંદાનું ઈન્સ્ટન્ટ ફળ | ૧૩૫ |
| ૩૭. | જિનશાસનની ક્રિયા પણ હિત કરે | ૧૩૬ |
| ૩૮. | પાછલા ભવનું પાપ સ્વપ્નમાં જોયું | ૧૩૬ |
| ૩૯. | તીરથની આશાતના નવિ કરીયે ! | ૧૩૮ |
| ૪૦. | પરભવ છે જ, સદ્ગતિ માટે સાધના કરો | ૧૪૧ |
| ૪૧. | આરાધનાએ આફતને ભગાડી | ૧૪૩ |
| ૪૨. | મહામંત્રે ટ્રેન રોકી | ૧૪૩ |
| ૪૩. | મરતા નવકાર | ૧૪૪ |

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - 3

### ૧. શ્રીમંત વૃદ્ધે દીક્ષા લીધી

અમદાવાદના દીપકલાવાળા દીપકભાઇને ઘણાં ઓળખે છે. એક સદ્‌ગૃહસ્થે સંસાર નિવૃત્તિનો સંકલ્પ કરી નિવૃત્તિ લીધી, એ લેખ વાંચી ૫૫ વર્ષે એમણે દ્રઢ સંકલ્પ કર્યો કે મારે ૬૦ વર્ષે નિવૃત્ત થવું ! એ ૬૦ વર્ષે ખરેખર નિવૃત્ત થઇ ગયા. આ પુણ્યાત્મા જે સારું જુવે, સાંભળે, વાંચે તે કરવાનું મન થઇ જાય. કોઇ ધર્મીએ પ્રેરણા કરી કે રજાને દિવસે તો પૂજા કરો. તો શરુ કરી દીધી. બાળપણમાં વર્ષીદાન કરતા જોઇને તેમને પણ ભાવના થઇ કે આમ મારે પણ ઘોડે ચડી કરવું ! ૬૦ વર્ષ પછી ધર્મ કરતા દીક્ષાની ભાવના વધતી ગઇ. કેટલાક કાળે નિશ્ચય કરી પરિચિત આચાર્ય ભગવંત વગેરેને પ્રાર્થના કરી. પણ વૃદ્ધાવસ્થાને કારણે તેઓએ ના પાડી. છતાં અંતરની ભાવના કેવી દ્રઢ કે અપરિચિત પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. પાસે ગયા. રહ્યાં. નિશ્ચય કર્યો. પૂ. આ. શ્રીને વિનંતી કરી. પૂ. શ્રી એ ઉદારતાથી હા પાડી. પણ પાપોદયે શારીરિક તકલીફો વધતાં ડોક્ટરોએ તથા કુટુંબીજનોએ ના પાડી. છતાં પોતે હિંમત કરી ૬૮ વર્ષની જૈફ વયે સાધુ બન્યા ! ૧૪ વર્ષથી સુંદર સાધના કરી રહ્યાં છે. હે ભવ્યો! આજના કલિકાળમાં પણ આવા કરોડપતિ અને વૃદ્ધ આત્માઓ હિંમતથી સ્વહિત સાધે છે તે સાક્ષાત્ જોવા મળે છે. તમે પણ યથાશક્તિ ધર્મ કરી આત્મહિત સાધો. આ દીપકભાઇ

૪૨ વર્ષે તો ઉપાશ્રયના પગથીયા ચડ્યા છે. છતાં જો આટલી પ્રગતિ કરી શક્યા હોય તો તમે બધા બાળપણથી ધર્મ કરનારા ડરીને કેમ શક્તિ જેટલો પણ ધર્મ કરતાં નથી ? હિંમત કરો. સફળતા જરુર મળશે જ. શુભં ભવતુ.

## ૨. કિશોરે તીર્થયાત્રામાં અટ્ઠાઇ કરી

૮૮ વર્ષ પૂર્વે **પ્રેમચંદ ૧૬ વર્ષનો કિશોર હતો. પાલિતાણા યાત્રાએ ગયો.** હળુકર્મી જીવનો આવા **શાશ્વત તીર્થાધિરાજની યાત્રાથી ઉલ્લાસ એટલો વધી ગયો કે અટ્ઠાઈ કરી!** યાત્રા, તપ વગેરેના પ્રભાવે ઘણાં કર્મ ખપી ગયાં. સાધુના દર્શન થતાં આ ભાગ્યશાળીને સંયમના ભાવ જાગ્યા. પછી તો દીક્ષા મેળવવા ભગીરથ પુરુષાર્થ કર્યો ! **૩૬ માઈલ ચાલતા જઈ પ.પૂ.આ.ભ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ.નાં ચરણોમાં પડી પાલીતાણામાં જ દીક્ષા લીધી!!** પછી તો પોતે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે રત્નોની જોરદાર આરાધના કરી. સ્વ અને પરનું ખૂબ ખૂબ કલ્યાણ કર્યું.

જિનશાસનનાં ચરણોમાં ૩૫૦ જેટલા સાધુઓની ભેટ ધરનારા, અનેક શિષ્યો પાસે લાખો શ્લોક પ્રમાણ કર્મગ્રંથને સુગ્રથિત કરાવનારા, **અગણિત ગુણોના નિધિ એવા આ જિનશાસનના ઝગમગતા સિતારા પૂ. આ. શ્રી પ્રેમસૂરીજી મ.સા.નો** લગભગ ૩૮ વર્ષ પૂર્વે સ્વર્ગવાસ થયો. શ્રી સંઘના ઘણા મોક્ષાર્થીઓએ આ મહાપુરુષને ખૂબ અહોભાવથી દિલમાં બિરાજમાન કર્યા છે. એમનું બ્રહ્મચર્ય એટલું નૈષ્ઠિક હતું કે **"ગુરુદેવ શ્રી પ્રેમસૂરયે નમઃ" ની નવકારવાળી ગણી ઘણાંયે પોતાના ચારિત્ર મોહનીય કર્મનો ભૂકો કરી શીઘ્ર કલ્યાણ સાધ્યું.**

મારે તો એટલું ખાસ કહેવું છે કે નાનો એવો કિશોર ભગવાનની ભક્તિમાં એવો મસ્ત બની ગયો કે અઢ્ઢાઈ જેવો ઘોર તપ કર્યો! હે પુણ્યશાળીઓ! તમારે પણ **તીર્થયાત્રા** એવા શુભ ભાવથી અને **વિધિપૂર્વક કરવી જોઈએ કે જેથી તમારું શીઘ્ર કલ્યાણ થાય.**

## ૩. કોલેજીયન યુવતી રાણી બની

દક્ષિણમાં ઉટી નામનું એક સૌંદર્ય નીખરતું ગામ છે. ઉટીને લોકો પર્વતોની રાણી (Queen of hills) કહે છે. એ રાણીમાં જન્મેલી એક બાળા ખરેખર આશરે ૨ વર્ષ પહેલા વિશ્વની રાણી બની ગઈ. જેમ કૃષ્ણ મહારાજે પોતાની સો કુંવરીને રાણી બનાવી હતી. આ બાલિકાની માતા સાચી શ્રાવિકા હતી. તેણે પોતાની આ સુપુત્રીને ધર્મી બનાવવા સંસ્કારો સિંચવા માંડ્યા.

ભરયુવાનવયે રૂપ, કોલેજ-શિક્ષણ, ધન વગેરે બધી રીતે સંપન્ન આ યુવતીને શ્રી કલિકુંડ તીર્થની પવિત્ર ભૂમિમાં દીક્ષા માટે ઓઘો લઈ નાચતી જોઈ હજારો લોકોના દિલ ખુશ થઈ ગયા ! તેના શબ્દોમાં તેની દિલધડક કથની બે હાથ જોડી તમે વાંચો તો તમારો આત્મા પાવન થઈ જશે. "આજે પણ મારી માતાના એ અનંત ઉપકારો યાદ કરતાં આનંદ સાગરમાં સ્નાન કરવા માંડુ છું. મમ્મીએ વાત્સલ્ય સાથે ઘણાં સુખની વચ્ચે અપાર સંસ્કારો પણ સિંચ્યા ! જ્ઞાનીઓએ આઠ વર્ષે દીક્ષા લેવાની આપણને આલબેલ પોકારી છે. મને એ ગર્વ છે કે આઠ વર્ષે દીક્ષા તો ન મળી પણ દીક્ષાની સાચા દિલની ભાવના તો થઈ ગઈ. એટલી હું નસીબદાર ખરી જ !

પરમોપકારી, પરમપૂજ્ય, ગુરૂદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ. સા. ના આઠ વર્ષની ઉંમરે પવિત્ર

દર્શન થતાં જ મને દીક્ષાની ભાવના પેદા થઇ ગઈ ! નાચતી-કૂદતી હું સાથે ગાતી કે "**जब मैं बडी होंगी, तब दीक्षा लूंगी !**"

પછી તો પૂજ્યશ્રીના બાળકો માટેના અંગ્રેજી પુસ્તકો વાંચવાના શરૂ કર્યાં. એટલી બધી મઝા આવી કે એમાં આગળ ને આગળ વધતી જ ગઈ. મેં તો પૂજ્યશ્રીના બધાં અંગ્રેજી, હિન્દી પુસ્તકો વાંચી નાંખ્યા, જેમ એક ક્રિકેટરસિક છોકરો સચિનને રમતો જોવો શરૂ કરે પછી કલાકો સુધી એની અફલાતૂન બેટિંગ માણ્યા જ કરે. અને........ અને............આ જ્ઞાને તો વયથી લઘુ એવી મને જ્ઞાન અને સમજથી ખૂબ મોટી બનાવી દીધી ! મારામાં દઢ વૈરાગ્ય પેદા થઇ ગયો. મોટી થયા પછી કોલેજમાં સાહિત્યનો અભ્યાસ આદર્યો. રોટ્રેક્ટ ક્લબની સભ્ય બની.

પપ્પા, મમ્મીના વાત્સલ્યમાં ન્હાતી, સુખ-સગવડતાના ઢગલામાં આળોટતી, બધાં વૈભવ સુખો જોતી, આનંદ-વિલાસ અનુભવતી. પરંતુ આત્માને તૃપ્તિ ન થતી. કંઇક સુનકાર, ખાલીપો, અનુભવાતો. આત્માને થતું કે આ બધું તો ચાર દિનની ચાંદની છે. આવા તુચ્છ સુખ માટે તો મારું આ કિંમતી જીવન નથી જ ! ઘણી વાર પ્રકૃતિના અદ્‌ભુત સુખો જોતી. સંધ્યાનું સૌંદર્ય ચારેકોર છવાઇ ગયું છે. સૂર્ય ડૂબી રહ્યો છે. આકાશને દિવ્ય રંગોથી સંધ્યા રાણીએ રંગબેરંગી બનાવી દીધું છે. વૃક્ષોએ રંગબેરંગી પુષ્પોથી આખી ધરતીને સુવાસથી મઘમઘાયમાન બનાવી દીધી છે. સામે સરોવરમાં હંસો વગેરે પક્ષીઓ મુક્તપણે નાચી-કૂદી રહ્યા છે. કેટલું વર્ણન કરૂં ? ...... દિવ્ય દશ્યો જોતાં આનંદ તો થતો. પણ સાથે મનમાં મંથન પણ કરતી કે વાહ ! ચારે બાજુ સૌંદર્ય વેરાઈને પડ્યું છે.

પરંતુ આ બધી તો માયા છે. હમણા જ બધું વિખરાઈ જશે ને ચારે બાજુ અંધકાર છવાતાં આ બધો આનંદ લૂંટાઈ જશે.......

**આમ ચિંતન કરતાં થતું કે ખરેખર તો સુંદર, નિર્મળ, પવિત્ર કોઈ ચીજ હોય તો તે આતમા છે...... એને સદા માટે પવિત્ર બનાવનાર છે ધર્મ..... સંયમ !**

વિશ્વમાં દરેક માણસનું ધ્યેય હોય છે. દરેકને સુખ જોઈએ છે. સુખ અંગેની માન્યતા દરેકની ભિન્ન હોઈ શકે છે. ઘણાંને ધન, સગવડતા વગેરેમાં ખૂબ મઝા આવે છે. છતાં આજે પણ કેટલાક ભણેલા સુખી યુવાનો પણ ધર્મ, સંયમ આદિમાં ઊંચું સુખ માને જ છે. એમાં ઘણાં કષ્ટ હોવા છતાં પરિણામે એક અદ્વિતીય આનંદ મળે જ છે, એવું ઘણાં અનુભવીઓ કહે છે. મારી પૂર્વની કોઈ ઊંચી સાધના, માતાદિના સંસ્કાર, ગુરુજનોની કૃપા વગેરેથી મને સાચા સુખ માટે સંયમ જ શ્રેષ્ઠ ઉપાય લાગ્યો ! વ્હાલા કુટુંબીજનોએ દિલથી સંમતિ પણ આપી અને મને તીર્થમાં સંયમ મળી ગયું !!!

સંયમના એક વર્ષના અનુભવે લાગે છે કે મારા આત્માનો અવાજ ખરેખર તદ્દન સત્ય છે. સંયમમાં થોડો આત્મિક આનંદ તો અત્યારથી જ જરૂર અનુભવું છું ! પણ તે ઉપરાંત અહીં જે જ્ઞાનની મસ્તી, સદાચારીઓની સેવા, ચોવીસે કલાક પવિત્ર વિચારો, સાધનામય વાતાવરણ, સંસારની બધી ઉપાધિઓ, ટેન્શનો વગેરેથી મુક્તિ મળવાથી શાંતિ વગેરે ઘણું બધું મને ચોક્કસ મળી ગયું છે !!!

વધુ તો શું કહું ? સચિનની બેટિંગનો અવર્ણનીય આનંદ જેણે માણવો હોય તેને મેચ જોવા જાતે જવું પડે તેમ આ આકાશી

આનંદને અનુભવવા તમારે પણ અહીં જ આવવું પડે ! જગતના સર્વ જીવો સાચા આત્મિક સુખને પામો એ જ પ્રભુને પ્રાર્થના."

## ૪. કોલેજપ્રવેશને બદલે સંયમ

"પપ્પા, મમ્મી ! આવતે વર્ષે મારે કોલેજમાં દાખલ થવું છે." દિવ્યાએ પંકજભાઈને વિનંતી કરી. પિતાજીએ ફરી સમજાવી, "બેટા ! તારે સંગીત, કોમ્પ્યુટર વગેરે જે ઇચ્છા હોય તે શીખ, પરંતુ મારે તને કોલેજમાં ભણાવવાની જરાય ઇચ્છા નથી !" મુંબઇમાં ૩ વર્ષ પહેલા બનેલી આ તદ્દન સત્ય ઘટનાના નામ બદલ્યા છે. દિવ્યા ખાનદાન, સંસ્કારી હતી. તેથી કોલેજમાં ન ભણવાની પપ્પાની ઇચ્છા તેણે વધાવી લીધી ! પરંતુ સખીઓની કોલેજની અમનચમનની વાતો સાંભળી આ મોજીલી યુવતીને કોલેજમાં મજા માણવાનું મન થઇ ગયું. ઘણું સમજાવવા છતાં કોલેજની ખૂબ ઇચ્છા જાણી પિતાશ્રીએ એક શરત મૂકી કે તું પહેલા ઉપધાન કરે તો કોલેજ ભણાવું !!! પંકજભાઈને મનમાં હતું કે વર્તમાન વિલાસી વાતાવરણ મારી સુપુત્રીને કદાચ ગેર માર્ગે દોરી જશે. જો ઉપધાન કરે તો એ ધર્મ સમજી જાય. તો ખોટા રસ્તે દુઃખી ન થાય. સુપુત્રીએ પણ શરત સ્વીકારી !

ગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં કલિકુંડમાં ઊપધાન થવાના હતા. પંકજભાઈએ પુત્રીને ત્યાં લઇ જઇ પ્રશાંતમૂર્તિ પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરિ મ. સા. ને વિનંતી કરી, "આ ધર્મરહિત પુત્રી મારા કહેવાથી ઉપધાન કરે છે. એને તકલીફ ન પડે." પૂ. શ્રી એ સાધ્વીજી સંવેગનિધિશ્રી મ.ને બોલાવી સાચવવાની ભલામણ કરી. જિનવાણી શ્રવણ, પ્રભુની ફરમાવેલી ઉપધાનની પવિત્ર

ક્રિયાઓ વગેરેના અચિંત્ય પ્રભાવે આ કન્યાનો ધર્મ પ્રત્યે આદર વધતો ગયો !! થોડા દિવસો પછી ઘરેથી પોતાના ઉદ્ભટ વસ્ત્રો મંગાવી દાન કરી દીધા. એક જૈન કન્યાએ આવા કપડા પહેરાય જ નહીં એ એને બરોબર સમજાઈ ગયું હતું !

ઉપધાન પછી તેની રહેણી-કરણીથી ઘરના સમજી ગયા કે દિવ્યાનું હવે જીવન પરિવર્તન થઈ ગયું છે. તેણે ધર્મ આચરવા માંડ્યો. ક્યારેક સાધ્વીજી સાથે થોડા દિવસ રહી આરાધના વધારતી ગઈ. કોલેજમાં ભણવા જવાની ઈચ્છા મરી ગઈ. લગભગ ૨ વર્ષ પછી પિતાજીને દીક્ષા આપવા વિનંતી કરી !!! પ્રેમાળ પિતાશ્રીએ દીક્ષાની કઠિનતા વગેરે સમજાવ્યા. કોઈની સાથે લગ્નની ઈચ્છા હોય તો નિઃસંકોચ જણાવવા વાત્સલ્યતાથી કહ્યું.

પરંતુ દિવ્યાને હવે ધર્મની શ્રેષ્ઠતા સમજાઈ ચૂકી હતી. તેને લગ્ન કરવા જ ન હતા. પરંતુ બિલકુલ ધર્મ ન કરનારી કોડિલી કન્યા દીક્ષા લે એ પંકજભાઈને મનમાં બેસતુ ન હતું. વળી એ પણ શંકા રહ્યા કરતી કે કદાચ આ ઉતાવળમાં દીક્ષા લઈ લે પણ સંયમના આચારો કડક. ત્યાં કદાચ સેટ ન થાય તો મારી લાડલી દીકરી દુઃખી થઈ જાય.

પરંતુ પુત્રી તો સદા એક જ વાત કરતી કે મને દીક્ષા અપાવો. ઘણી બધી વાતનો સાર એ છે કે ઘણો બધો વિચાર કર્યા પછી સુપુત્રીની એક જ રઢ જાણી તેમણે સંમતિ આપી !

૯૦ સાધુ, સાધ્વીની નિશ્રામાં દિવ્યાને દીક્ષા પરિવારે ધામધૂમથી આપી ! પછી અવારનવાર વંદન કરવા જતા ત્યારે **સાધ્વીજીની પ્રસન્નતા, સંયમ જીવનનો આનંદ, આચાર્ય ભગવંતની કૃપા, ગુરુણીનું વાત્સલ્ય વગેરે જાણી પંકજભાઈ ખૂબ ખુશ થતા ! આ બધી વાતો સાંભળતા થોડા મહિના પછી**

**પંકજભાઈને દ્રઢ વિશ્વાસ થઈ ગયો કે મારા સુપુત્રી સાચા સાધ્વી બની ગયા છે !!** હવે જરા પણ ચિંતા કરવા જેવી નથી. આ સાધ્વીશ્રીના ધર્મરહિત કાકા વગેરે પણ સાધ્વીના સંયમની મસ્તી જોઇ ધર્મપ્રેમી બની ગયા !!

તેઓને પણ શ્રદ્ધા થઈ ગઈ કે આવા હડહડતા કલિકાળમાં પણ શાસન જયવંતુ છે ! તેમાં અનેક સાચા સાધુ-સાધ્વી છે. **તેઓ પૃથ્વીને પાવન કરતા ઉંચી કોટિનું સંયમ જીવન માણી રહ્યા છે !** આ અનુભવ પછી સાધુ, સાધ્વીને જુવે કે એમને થાય કે જાણે ધર્મ સાક્ષાત્ સદેહે સામે આવી ગયો છે !! એટલે આનંદ આનંદ થઈ જાય. **સાધ્વીજી પણ લગભગ ૨ વર્ષથી પ્રભુએ સર્વશ્રેષ્ઠ તરીકે વર્ણવેલા સંયમના આત્મિક આનંદને અનુભવી રહ્યા છે !!!** આ અદ્‌ભૂત પ્રસંગ આપણને ઘણુ બધું કહી જાય છે.

(૧) **આજના ભયંકર વિલાસી વાતાવરણને કારણે ધર્મ ન કરતો જૈન પણ જિનવાણી વગેરે ધર્મના આલંબનો પામી દીક્ષા સુધી પણ પહોંચી જાય છે !!!** તેથી સંઘમાં અને ઘરઘરમાં ધર્મની આરાધનામાં જૈનોને જરૂર જોડવા. અને આજનો અધર્મી કાલનો ઉચ્ચ ધર્મી પણ બની શકે છે તે જાણી અધર્મીનો પણ તિરસ્કાર કદિ ન કરવો.

(૨) આ પ્રસંગથી એ સિધ્ધ થાય છે કે આત્મા છે, પરલોક છે વિગેરે. કારણ કે ધર્મરહિત યુવતિ એક નિમિત્ત પામી ઘણે ઉંચે પહોંચી ગઈ. કેટલાક જૈન વર્ષોથી ધર્મ કરવા છતાં શ્રાવકપણું પણ ભાવથી આરાધતા નથી. જ્યારે આ દિવ્યા ઊપધાનના નિમિત્તે ખૂબ આગળ વધી ગઇ. એથી સિધ્ધ થાય છે કે પાછલા કોઇ ભવમાં આ દિવ્યા ધર્મની વિશિષ્ટ આરાધના

કરીને અહીં આવી છે. તેથી જ સાધ્વી બની ગઇ.

(૩) આત્માર્થીએ ધર્મરહિત જીવની આવી શુદ્ધ સાધના જાણી ધર્મશ્રદ્ધા વધારવી અને ધર્મની ખોટી સાચી નિંદા સાંભળી, બીજા આગળ ધર્મ વગેરેની નિંદા ન કરવી. કારણ આજે પણ સુસાધુ છે, ધર્મ છે, ધર્મનો પ્રભાવ છે વગેરે.

## ૫. સામાયિકથી સૂરિ પદે !

પૂ. સ્વ. ગચ્છાધિપતિ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે (ત્યારે મુનિ ભાનુવિજય મ.) એક કિશોરને ઉપાશ્રયના ખૂણામાં સામાયિક કરતા જોયો. ખુશ થયા, પૂછયું. કિશોરે કહ્યું, "મહારાજ સાહેબ ! મારે થાય એટલા વધુ સામાયિક કરવા છે !" વાત એ હતી કે શિબિરમાં વધુ સામાયિક કોણ કરે એની સ્પર્ધા હતી. આ રજનીને ઘણા કરવાની ભાવના થઇ ગઈ. અજાણ્યો હતો પણ શુભ ભાવના જાણી પૂ. શ્રીએ તેની યોગ્યતા પારખી લીધી ! એને વાત્સલ્યપૂર્વક આરાધનામાં જોડતા ગયા.

આરાધના વધતા એ કિશોરને દીક્ષાની ભાવના થઇ ! ધામધૂમથી પરિવારે આપી ! અને એ બની ગયા પૂ. મુનિ રત્નસુંદરવિજય મ. સા. પછી તો આ હીરાને પૂ. શ્રીએ પાસા પાડવા માંડયા ! સ્વાધ્યાય આદિ સાધનામાં લગાવી દીધા. અને શ્રી જિનશાસનને એક મહાન શાસન પ્રભાવક આચાર્ય શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. ની ભેટ ધરી દીધી !!! પછી તો એમના પગલે એમના સંસારી પિતાશ્રી, બીજા સગા અને અનેક ભવ્યાત્મા સાધુ અને આરાધક શ્રાવક બની ગયા. આજે તો એ જિનશાસનની જબ્બર પ્રભાવના કરી રહ્યા છે !!! હે

ધર્મરાગી શ્રાવકજી ! તમારા ઘરે કોઇ ભારે પુણ્યે આવો દીપક આવી ગયો હોય તો એને સાધુ કે શ્રાવક બનાવી એનું, તમારું અને અનેકનું કલ્યાણ કરશો ને ?

## ૬. વૈરાગ્ય

મુંબઇના એ યુવાનની પૂ. આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાથી પાંચોરામાં દીક્ષા થઇ. પછી સંસારી સગા આવ્યા. આચાર્ય શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. સાહેબે મળવાની રજા આપી. કલાકો સમજાવ્યા, ધમકાવ્યા. ૩-૪ દિવસ થઇ ગયા. મહાત્માનો વૈરાગ્ય તીવ્ર. તેથી દીક્ષા છોડવાની વાત ન માની. કુટુંબીઓએ જૈનેતરોને ઉશ્કેર્યા. સંઘે વિચારણા કરી વિનંતી કરી મહારાજને વિહાર કરાવી માલેગામ મોકલાવ્યા. મહારાજના ભાઇએ કપટ કરી તેમને ગાડીમાં ભગાડ્યા. શ્રાવકોએ તપાસ કરી. ઘણે દૂર ઊરણના જંગલમાં બંગલામાંથી શોધી કાઢ્યા. મારે દીક્ષાવેષ સિવાય ખાવું નથી એવો એમણે નિશ્ચય કરેલો ! શ્રાવકોએ સાધુવેષ લાવી આપ્યો. નવદીક્ષિત ખૂબ ખુશ થયા. કેવો જોરદાર વૈરાગ્ય ! ભાગ્યશાળીઓ ! સંસારમાં કંઇ નથી. આત્મહિત સાધવા વ્રતો યથાશક્તિ લો.

## ૭. દીક્ષારાગ

ખંભાતના નગરશેઠ પોતાના સંતાનોને નાનપણથી દીક્ષામાં જ સાચું કલ્યાણ છે એમ વારંવાર સમજાવે. લગ્નનો વરઘાડો નીકળે ત્યારે પણ પૂછે કે બેટા ! હજુ પણ ઇચ્છા થતી હોય તો આ વરઘોડાને દીક્ષાના વરઘોડામાં ફેરવી નાખીએ ! કેવો

દીક્ષાપ્રેમ! હે પુણ્યશાળીઓ! તમે પણ આશ્રિતોને સાચું સમજાવો. છેવટે જે તૈયાર થાય તેને દીક્ષામાં અંતરાય કરવાનું ભયંકર પાપ ન કરવું એ નક્કી કરો.

## ૮. મહાવૈરાગી યુવતી

યુવાન કન્યાને જોવા બોલાવેલા બધા છક થઈ ગયા. ફાટેલા કપડાં, વિખરાયેલા વાળ, લઘરવઘર કપડાંમાં યુવતીને જોઈ મુરતિયાએ ના પાડી દીધી. એ દૃઢ વૈરાગી **સાણંદની કુમુદબેન કેશવલાલ સંઘવીએ દીક્ષાર્થી** છતાં કુટુંબીઓના આગ્રહથી મુરતિયા સમક્ષ જવું પડ્યું ત્યારે લગ્નપાપથી બચવા ને દીક્ષા મેળવવા આવું સાહસ કર્યું! રૂપ-ગુણ-સંપન્ન કુમુદે ભાવના સફળ કરવા તપ આદિ અનેક આરાધના કરવા માંડી. **રોજ પ્રાયઃ માત્ર રોટલી, પાણી કે દાળ જ જમતી! ને છ-છ માસ એક જ સાડી પહેરતી!** એ કુમુદે ભાઈના લગ્નપ્રસંગે પણ માત્ર દાળભાત જ ખાધા! કુટુંબીઓને દૃઢ વૈરાગ્યની ખાત્રી થઈ. દીક્ષા માટે ભાગેલી એને દીક્ષા અપાવશું એ ખાત્રી મળ્યા પછી જ એ પાછી આવી. અંતે પિતા વિગેરેએ **અઠ્ઠાઈ મહોત્સવ પૂર્વક દીક્ષા અપાવી.** આવા દૃઢ વૈરાગી (હાલમાં શ્રી પદ્મલતાશ્રીજી) એ સાધ્વીએ ૫૦ વર્ષના નિર્મળ સંયમને પાળી ઘણી શાસન પ્રભાવના કરી છે.

## ૯. શુભ આલંબનોથી દુરાચારી દિવ્ય પંથે

આ સત્ય ઘટના લગભગ ૮૦-૧૦૦ વર્ષ પહેલાં બની છે. એ જૈનનું નામ સૌભાગ્યચંદ હતું. પણ આચારોથી મહાદુર્ભાગી હતો. એકલો છતાં બધી કમાણી જુગાર, દારુ, વેશ્યાસંગમાં

વેડફી નાખતો. તે કાળમાં જૈનો પ્રાયઃ આવા પાપ ન કરતા. એના ગામમાં માનચંદ જૈન લાખોપતિ હતા. એને બે પુત્ર હતા. પ્રભુભક્તિ, ગુરુભક્તિ વગેરે ધર્મ કરે. એકવાર સૌભાગ્યચંદને માનચંદે વાતવાતમાં કહ્યું કે જો તુ એક વર્ષ માટે તારા બધા દુરાચારો છોડે તો લાખ રુપિયા ઇનામ આપું.

સૌભાગ્યચંદે પણ સાહસિક બની શરત સ્વીકારી. માનચંદ કહે કે તુ આવા બણગા ન ફૂંક. તું તો દુરાચારોનો વ્યસની છે. કાયર છે. તારાથી નહીં થાય. સૌભાગ્યચંદને આ આક્ષેપોએ પાણી ચડાવ્યુ. તેણે કહ્યું કે આજથી જ ૧ વર્ષ માટે બધુ બંધ. તું લાખ રૂપિયા તૈયાર રાખજે. બોલી તો નાખ્યું. પણ સૌભાગ્યચંદને તો આ બધા વ્યસનો વર્ષોથી હતાં. તે બધાનો ત્યાગ કરવો ખૂબ અઘરો લાગ્યો. પણ કેટલીકવાર સત્ત્વશાળી જીવો વટમાં પણ અતિ કઠિન વાતો કરી દેખાડે છે. શરત જીતવા સૌભાગ્યચંદે કુમિત્રોનો ત્યાગ કરવા માંડ્યો. દેરાસરે અને ઉપાશ્રયે ઘણો સમય વીતાવવા માંડ્યો. કુવ્યસનોથી બચવા સારા નિમિત્તોને શોધવા જ પડે. ધીરે ધીરે ગુરુ મહારાજનો સત્સંગ વધતો ગયો. જિનવાણી સાંભળતા તેનો ધર્મપ્રેમ વધતો ગયો. સંસારની અસારતા સમજાવા માંડી. ૮-૧૦ માસમાં તો તે આખો બદલાઇ ગયો. તેને થયું કે આ દુર્લભ ભવને મેં વેડફી નાખ્યો. ધર્મ તો ન કર્યો. પણ જૈનોને ન છાજે તેવા ઘણાં પાપથી મારા આત્માને ભ્રષ્ટ કર્યો. વૈરાગ્ય વધતો ગયો. ૧ વર્ષ પૂરુ થયું. માનચંદને અત્યંત આશ્ચર્ય થયું. શરત પ્રમાણે લાખ રૂપિયા આપવા આવ્યો ત્યારે સૌભાગ્યચંદ કહે કે હે મિત્ર ! તું તો મહાઉપકારી છે. મારા આ દુર્લભ માનવભવને તેં સફળ બનાવી દીધો. તારો ઉપકાર ભવોભવ ભૂલાય એવો નથી.

પૈસો તો પાપ કરાવે. મારે લાખ ન જોઇએ. તારા ઉપકારના બદલામાં લાખો રુપિયા આપું તો પણ ઋણ ન ચુકવાય. મેં તો ૨ માસ પછી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે ! પછી ખરેખર સૌભાગ્યચંદે દીક્ષા લીધી. માનચંદે તેના દીક્ષા મહોત્સવમાં લાખ રુપિયા ખર્ચ્યા. દીક્ષા પછી તે મહાત્મા યુવાનો વગેરેને વ્યસનની ભયંકરતા સમજાવતા. પોતાનો જાત અનુભવ કહેતા અને ઘણાંને સન્માર્ગે લાવ્યા. દીક્ષા ખૂબ સુંદર પાળી. આ સાચો પ્રસંગ બધાએ ખૂબ વિચારવા જેવો છે. દીક્ષાની ભાવના છતાં ઘણાં ખોટા ડરથી દીક્ષા લેતા નથી. જો આવા ભયંકર વ્યસનથી ઘેરાયેલા પણ દીક્ષા લઇને સુંદર પાળે છે તો તમે તો ખૂબ ધર્મી છો. ખોટા ડરથી શા માટે આત્મહિતથી પાછા પડો છો ! વળી બધાએ સુખી થવા માટે દુષ્ટો અને ખરાબ વાતાવરણનો કાયમ ત્યાગ કરવો જોઇએ. ખરાબ નિમિત્તો સારા સારા આત્માઓને પણ ભયંકર પાપો કરાવે છે. વળી બધાએ સત્સંગ અવશ્ય કરવો જોઇએ. તેનાથી આપણું હિત, અહિત વગેરે બધું જાણવા મળે અને આપણા આત્માને અપરંપાર લાભો થાય.

## ૧૦. ૮૨ વયે દીક્ષા !

**અદ્વિતીય સાહસ :** ગીનીસ બુકમાં પણ સહુથી પ્રથમ નંબરે મૂકવું પડે તેવું શૌર્ય સુરતના શાંતિભાઈએ કર્યું છે. પ. પૂ. આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીજી મ. ના સંસારી ભાઈ આ શાંતિભાઈએ **૮૨ વર્ષની વયે વર્ષ પૂર્વે દીક્ષા લીધી !** તમારામાં એટલો ઉલ્લાસ ન હોય તો છેવટે તમે શ્રાવકધર્મમાં યથાશક્તિ આગળ ધપતા જાવ.

## ૧૧. ધનાઢ્યની યુવાનીમાં દીક્ષા

રાજનગર અમદાવાદના એ લાખોપતિ જેસિંગભાઇના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. લગભગ ૭૫ વર્ષ પહેલાં અમદાવાદમાં લાખોપતિ ગણ્યા ગાંઠ્યા હતા. આ જેસિંગભાઇ પણ લાખોપતિ હતા. પણ તેમના ઘરની ખાનદાનીના ચારે બાજુ ગુણગાન ગવાતા ! એમની હીરાચંદ રતનચંદ નામની ખૂબ પ્રસિદ્ધ પેઢી ચાલતી હતી. તે કાળમાં તેમનો રાજાશાહી વૈભવ હતો. છતાં સાધુ-સાધ્વીની ભક્તિ કરે. વ્યાખ્યાનો પણ સાંભળે, બાળકોને પણ ધર્મના સંસ્કાર આપે.

તેમના મોટા સુપુત્ર સારાભાઇના લગ્ન હતાં. તે કાળે શેઠિયાઓ લગ્ન ખૂબ ધામધૂમથી કરે. પણ આ પાપભીરુ જેસિંગભાઇએ લગ્ન દિવસે વિદ્યાશાળામાં દિવસનો પૌષધ કર્યો. લગ્ન તો રાત્રે છે માટે લાવ મારો દિવસના વખતનો સદ્દુપયોગ કરી લઉ એમ સમજી દિવસે પોતે પૌષધમાં બેસી ગયા.

પ. પૂ. આચાર્ય ભ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી (ત્યારે મુની પ્રેમવિજયજી) મહારાજે કેટલાય શ્રાવકોને દીક્ષા લેવા પ્રેરણા કરી. તેઓએ છટકવા કહ્યું કે આ જેસિંગભાઇ લે તો અમારે લેવી. પૌષધમાં રહેલા જેસિંગભાઇને બોલાવી પૂ. શ્રીએ પ્રતિબોધ કરી કહ્યું કે તમે હિંમત કરો તો પાછળ આ શ્રાવકોને પણ આવો સર્વોત્કૃષ્ટ ધર્મ કરાવવાનું પુણ્ય પણ તમને મળશે. જો કે એ શ્રાવકોને તો મનમાં એમ હતું કે આ જેસિંગભાઇ આવી સાહ્યબીમાં દીક્ષા લેશે જ નહીં. અને તેથી આપણે લેવાની વાત પણ ઉડી જશે. જેસિંગભાઇને પણ આવો કોઇ પરિણામ ન હતો. પણ એ ધર્મના પ્રેમી હતા. બીજા ઘણાનું કલ્યાણ થશે એમ

વિચારી તાત્કાલિક નિર્ણય કરી પૂ. શ્રીને કહે કે, સાહેબજી જોડાવો બધાને હાથ. આપો દીક્ષાનો અભિગ્રહ ! નિયમ એવો આપો કે આ વર્ષમાં (સાલમાં) અષાઢ સુદિ ચૌદશ સુધીમાં દીક્ષા ન લેવાય ત્યાં સુધી ચઉવિહાર ઉપવાસ કરવા. અણધાર્યું બની ગયું. તેથી કેટલાક ખસી ગયા. છતાં ત્રણ શ્રાવકે સાથે અભિગ્રહ લીધો ! એ કેવા શ્રાદ્ધરત્ન કે આવો કઠિન નિયમ એકાએક લઇ લીધો ! પછી તો ૩૮ વર્ષની યુવાન વયે ખરેખર દીક્ષા લીધી ! એમની દીક્ષા થઇ ત્યારે ભારતભરમાં શાસનનો જયજયકાર થઇ ગયો. પૂ. આ. શ્રી વલ્લભસૂરીજી મ. વગેરે ઘણાં બોલી ઉઠ્યા કે આ કાળના શાલિભદ્રે દીક્ષા લીધી ! હે ભવ્યો ! તમે પણ યથાશક્તિ સાધુપણું કે શ્રાવકપણું આરાધી આત્મશ્રેય કરો એ જ શુભાભિલાષા.

## ૧૨. સંયમ સંકલ્પથી પ્લેગ–નાશ

મુંબઇમાં ધારશીભાઇ રહેતા હતા. એક વાર પ્લેગ (મરકી) નો રોગ મુંબઇમાં ફાટી નીકળ્યો. આ ધારશીભાઇના માતા-પિતા તથા બહેનને પણ પ્લેગની ગાંઠ થઇ. થોડા વખતમાં ત્રણે મૃત્યુ પામ્યા. બધાં લોકોની જેમ ધારશીભાઇ ખૂબ ટેન્શનમાં હતાં. હવે મારું મોત નક્કી છે. શું કરું ? ગાંઠ તો તેમને પણ થઇ હતી.

એ અરસામાં એમના પુણ્યોદયે એક કલ્યાણમિત્રે તેમને કહ્યું, “ ધારશી ! જ્ઞાનીઓ માનવભવમાં શ્રેષ્ઠ વસ્તુ તરીકે સંયમને કહે છે. તારું મૃત્યુ તને નજીક લાગે છે. પરંતુ સંયમનો અદ્‌ભુત પ્રભાવ હોવાથી સંયમના સંકલ્પનો પણ મહાન પ્રભાવ છે. તેથી તુ સંકલ્પ કર કે ગાંઠ મટે તો ચારિત્ર લેવું !” હળુકર્મી ધારશીભાઈને વાત સાચી લાગી. ખરેખર તેમણે સંકલ્પ કર્યો !

માત્ર બે દિવસમાં ગાંઠ ઓગળી ગઇ !!! પછી તો પ્લેગ સંપૂર્ણ મટી ગયો !! જેમ શાસ્ત્રોમાં અનાથી મુનીનો અસાધ્ય રોગ સંયમ-સંકલ્પથી મટી ગયો એમ આમણે કલિકાળમાં પણ સંયમનો સાક્ષાત્ પ્રભાવ જોયો !!

પછી તો ચારિત્ર લીધું. નામ ચારિત્રવિજય પડ્યું. આ ચારિત્રવિજયજીએ ખુશ થયેલા રાજા પાસેથી જમીન માંગી 'શ્રી યશોવિજય જૈન ગુરુકુળ' સ્થાપ્યું. તમે પણ ચારિત્રનો અભિગ્રહ લો અથવા સંકલ્પ કરો અથવા ભાવના ભાવો. છેવટે યથાશક્તિ શ્રાવકના આચારો પાળતાં હું ઊંચું શ્રાવકપણું પાળું એવી ભાવના કરો. એના પણ ઘણાં સુદર ફળ છે.

## ૧૩. સંયમ અનુભવી ખુશખુશાલ !

અમદાવાદના રસિકભાઈ લગભગ ૨૫ વર્ષથી ધર્મ આરાધના કરતા. નિવૃત્તિ પણ લઈ લીધી. ધાર્મિક ભણાવે. વ્યાખ્યાનશ્રવણ વગેરે નિત્ય આરાધના કરે. દીક્ષાનું મન થાય. પણ ઉંમર થવાથી ડરે. દીપકલાવાળા દીપકભાઈ અને ચાવાળા રતિભાઈ બેની દીક્ષા નક્કી થઈ. બંનેએ રસીકભાઈને ઉત્સાહિત કર્યા કે અમે ય વૃદ્ધ છીએ. ત્રણે સાથે ખૂબ આરાધના કરશું !!! હિંમત કરીને એકદમ સંયમ માર્ગે સિધાવ્યા ! લગભગ ૧૪ વર્ષથી સુંદર આરાધના, કલાકો સુધી સ્વાધ્યાય વગેરે કરે છે. પ્રવચન આપે છે ! હે ભાગ્યશાળીઓ ! આવા વૃદ્ધો હિંમત કરે છે તો આત્મહિત કરવું હોય તો તમે પણ હિંમત કરી સંયમ સાધના કરો. દીક્ષાથી ડરો છો ? દુર્ગતિ અને સંસારના દુઃખોનો ડર નથી લાગતો ? પાપોદયે દીક્ષા ન લેવાય તો પણ સામાયિક, સ્વાધ્યાય, ભવ

આલોચના, ચૌદ નિયમ, પ્રવચન-શ્રવણ, પચ્ચક્ખાણ, ૧૨ વ્રત વગેરે આરાધના તો કરો. અચિંત્ય લાભ લેવાનો આ દુર્લભ ભવ એળે ન જવા દો.

## ૧૪. સંયમ કબ હી મીલે

બે મિત્રો દીક્ષાની ભાવનાવાળા હતા. તેઓને દીક્ષા લેવાની ભાવના ઘણી હતી. પણ આર્થિક રીતે સંસારી માતા-પિતાને સધ્ધર કર્યા પછી લેવી એમ વિચાર્યું. તેથી બેઉ મિત્રોએ ધંધો પાર્ટનરશીપમાં કરવાનું વિચાર્યું. ભાગીદારીની પહેલી શરત એ હતી કે એકની દીક્ષા નક્કી થાય તો બીજાએ પણ સાથે જ દીક્ષા લેવી અને આ મહાન સંકલ્પ સાથે ધંધો ચાલુ કર્યો. શુભ ભાવનાના કારણે કમાણી વધતી ગઇ !!! રેડીમેડ ફેક્ટરીની સાથે નવી નવી જગ્યાઓ લેવા માંડી અને આર્થિક દષ્ટિએ ધંધો જામતો ગયો ! ત્યાં તો એકની દીક્ષા નક્કી થઇ. તરત જ ત્રણ દિવસમાં બીજા મિત્રે પણ પોતાની દીક્ષા નક્કી કરી અને જોરમાં ચાલતો ધંધો છોડીને ઉલ્લાસથી સંયમ સ્વીકાર્યું ! આજે બેઉ મિત્રો સાધુ જીવનમાં સુંદર આરાધના કરી રહ્યા છે ! આ પ્રસંગથી બોધ લેવા જેવો છે કે કોઇને પણ ધાર્મિક શુભ ભાવના હોય તો શુભ સંકલ્પ સાથે જો ઉદ્યમ કરે તો ધર્મ મહાસત્તા તમને ખૂબ જ મદદ કરશે ! પણ સંકલ્પ જેટલો દ્રઢ અને પવિત્ર હૃદયથી હશે તેટલી જ જલદી સફળતા મળશે !

## ૧૫. તીવ્ર વૈરાગ્ય

વર્ષો પહેલાં અમદાવાદમાં ઉજમફઇની ધર્મશાળામાં થોભણ શ્રાવકે પ્રતિક્રમણ કર્યું. તે દિવસે એક મડદું જોયેલું. તેના પર

ચિંતન કરતાં કરતાં એમનો વૈરાગ્ય વધી ગયો. પોતાના ધોતિયાનો ચોલપટ્ટો કરી ધર્મશાળામાં રહેલા મહારાજનું રજોહરણ લઈ આવ્યા. સાધુપણું મળી ગયું. હર્ષમાં ઊંઘ આવી ગઈ! પરોઢિયે પૂ. શ્રી. જાગ્યા. જાપ કરવો હતો. રજોહરણ ન મળે. શિષ્યોએ તપાસ કરવા માંડી. એમને સૂતા જોઇ ઉઠાડીને પૂછયું. જાગી જતાં એ કહે કે હું તો સાધુ છું. મારૂ નામ થોભણ મુનિ.. વાત જાણી એમને સમજાવી રજોહરણ પાછું લઈ ગુરૂદેવને આપ્યું.

## ૧૬. ધર્મમાં વિઘ્ન કરવાના કડવા ફળ

અમદાવાદમાં આ લગભગ ૬ વર્ષ પહેલા બનેલી સત્ય ઘટના છે. ત્યાં શ્રી કુંથુનાથ પ્રભુનું જિનાલય બંધાતુ હતું. મહેતાજીએ દ્વેષથી જૈનેતરો પાસે ખોટી ચડવણી કરી ઉશ્કેરી સરકારમાં દેરાસરનો અમુક ભાગ ગેરકાયદેસર છે વગેરે અરજીઓ કરાવી. જૈન સંઘે સત્ય પુરાવાઓથી બચાવ કર્યો અને દેરાસર બચી ગયું. પરંતુ આ ભયંકર પાપનું ફળ મહેતાજીએ ભોગવવુ પડ્યું. તેની તંદુરસ્ત મા કેન્સરથી મરી ગઇ ! મહેતાજીને ખુદને મોઢામાં કેન્સર થયું !!! (દેરાસર તોડવા ઘણા આગળ બોલેલો તેથી હોઇ શકે. જ્ઞાની જાણે) ઉંમર માત્ર ૩૨ વર્ષની હતી છતાં કેન્સર થયું. રીબાય છે ! એક જૈને પણ વિરોધમાં સાથ આપેલો. તે કેન્સરથી ગુજરી ગયા ! એક જૈન ટ્રસ્ટીનો પુત્ર પણ વિરોધમાં પડેલો. તેની પત્નીને હાડકાનું કેન્સર થયું. ઘણો ખર્ચ આવી પડ્યો ! તે આર્થિક, સામાજીક વિટંબણાઓથી બહુ દુઃખી થઇ ગયો ! સંઘના બીજા ટ્રસ્ટીએ મહેતાને સાથ આપ્યો. તેમની કેડ ભાંગી ગઇ ! જૈનેતરો પૈકીના મુખ્ય વિરોધીની પત્નીને લકવો થઇ ગયો ! હજી રીબાય છે.

તેના નાના પુત્રની વહુ રીસાઈ પિયર જતી રહી. મંદિરના એક ટ્રસ્ટીને કેન્સર થઇ ગયું ! બીજા પણ વિરોધી ઇતરોના પરિવારમાં મોત થયા. મ્યુનિસીપાલિટી ઇન્સ્પેક્ટર જૈન હતો. પરંતુ દેરાસરનો પક્ષ ન લીધો, તેથી લકવો થઇ ગયો ! બધાના નામ અહીં લખ્યા નથી.

આ ઘટનાથી દરેક જૈને એ નિર્ણય કરવો કે કદાચ ધર્મ ઓછો થાય તો પણ કદિ પણ દેરાસર, ઉપાશ્રય, સંઘ, સાધુ, ધર્મ વગેરેનો જરા પણ વિરોધ ન કરવો ! ઉંઘમાં ય ન કરવો. પુણ્યશાળી ! ઝેરના પારખા ન હોય, એમ પુણ્ય પાપ વગેરે અદૃશ્ય છે છતાં માનવા જ જોઇએ. ભાઇ ! વિરોધ તો પાપ, કષાયો, ખોટા કામનો જ કરવાનો હોય ને ? ધર્મ યથાશક્તિ કરો.

## ૧૭. તપસ્યા કરતાં કરતાં રે ડંકા જોર બજાયા હો.

મહારાષ્ટ્રના ધૂળિયાના સુશ્રાવક શિવલાલભાઇ કોટેચા. પ. પૂ. આચાર્ય શ્રી રવિચંદ્રસૂરીશ્વરજી મ. ના ચાતુર્માસમાં વ્યાખ્યાન સાંભળતાં એમને ઉલ્લાસ થયો. ૩૫ વર્ષની તેમની ઉમર હતી. નિત્ય એકાસણાં કરવા માંડ્યા. કાપડની ફેરી આજુબાજુના ગામોમાં કરે. ક્યારેક ૩-૪ વાગે આવે. છતાં એકાસણું કરે જ. પછી તો એકાસણાં ઠામ ચઉવિહાર કરવા માંડ્યા. અંત સુધી છોડ્યા નહીં.

માસખમણથી સંકલ્પ કર્યો કે અઠ્ઠમ તપ સુધી ઉપવાસ કાયમ ચઉવિહાર જ કરવા. ઘણાં વર્ષ ૫ તિથિ ચઉવિહાર

ઉપવાસ કર્યા. મરાઠાવાડામાં દુષ્કાળમાં સરકાર પશુનો ખોળ લોકોને આપતી. શિવલાલભાઈને સેવા વખતે દાળ રોટલી મળતી. છતાં ખોળ ખાઈ એકાસણાં કર્યા !

દીક્ષા લીધી, ૬ વર્ષે દેવલોક પામ્યા. છેક સુધી તપનો રાગ જબરો ! છેલ્લા ૨૫ વર્ષ મૂળથી ગોળ, ઘી અને ખાંડનો ત્યાગ કર્યો ! વર્ધમાન તપની ૪૨ ઓળી કરી. તપસ્વીજીને લાખ લાખ ધન્યવાદ. તપથી અનંત કર્મ ખપે છે. તમારે પણ યથાશક્તિ તપ સાથે કાયમ અભક્ષ્ય, રાત્રિભોજન વગેરેનો ત્યાગ કરવા કમર કસવી જોઈએ.

અમલનેરના મણિભાઈ. ઉમ્મર ૭૦. ચા-બીડીના ભયંકર બંધાણી. છતાં પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નો ઉપદેશ પામી પૌષધપૂર્વક માસમક્ષણ કર્યું. પછીથી વર્ધમાન તપ ઓળીનો પાયો નાખ્યો. પછીથી ઉપધાન કર્યાં. બીડી-ચા તો બિચારા ક્યાંય પલાયન થઈ ગયા.

## ૧૮. ઘોર તપસ્વી

રાધનપુરના સરસ્વતીબેન ખૂબ ધર્મિષ્ઠ હતા. એમણે વર્ષીતપ ૧ ઉપવાસથી શરુ કરી ક્રમશઃ અઠ્ઠઈથી પણ કરેલા! ૬૮ ઉપવાસ વગેરે બીજી પણ ઘણી તપશ્ચર્યા કરેલી.

★ પૂનામાં રસિકભાઈ લગભગ ૪૦ વર્ષથી અખંડ છઠને પારણે છઠ કરે છે! અઠ્ઠઈ વગેરેના પારણે પણ છઠ કરવાનો જ !

★ બીજા એક તપસ્વી મણિભાઈ ૪૦ વર્ષથી ઠામ ચોવિહાર એકાસણાં કરતા હતા. ત્રણ વાર ઓપરેશન કરવાના સંજોગો આવેલા. ત્યારે એકાસણું છૂટે નહિ માટે ઓપરેશન ન કરાવ્યું. બીમાર પડ્યા. ઘરે પૂ. આ. શ્રી ભૂવનભાનુસૂરિજી મ. ના પગલાં કરાવ્યાં. કુટુંબીઓ કહે કે સાહેબ ! આમને સમજાવો.

હમણાં છૂટુ રાખે... મણિભાઇ કહે, "સાહેબ ! એક પ્રશ્ન પૂછુ ?" "પૂછો" "ઘરે ત્રીજા પદે બિરાજમાન આચાર્ય મહારાજ પધારે ત્યારે ત્યાગ વધારવો જોઇએ કે ખાવાનું ?" તપનો કેવો પ્રેમ ! આ મણિભાઇને ક્યારેક છાતીએ અસહ્ય દર્દ થતું. છતાં છાતીએ ઓશીકું દબાવી ઊંધા પડ્યા રહે. તપ છોડે નહિ. એ કહેતા કે ભ. શ્રી સીમંધરસ્વામીની દેશના રોજ સાંભળું છું. ત્યાં જ જન્મવાનો છું. આપણે સંકલ્પ કરીએ કે યથાશક્તિ તપ રોજ કરવો. કદાચ તપ ન કરી શકીએ તો પણ નવકારશી, ચોવિહાર અને અભક્ષ્યત્યાગ વગેરે તો કરવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઇએ.

## ૧૯. પ્રાણાંતે પ્રતિજ્ઞા પાળી !

વઢવાણના વીરપાળ ગાંધી. એમણે સાણંદમાં રહી ૫૧ ઉપવાસની ભવ્ય તપસ્યા કરી. છેલ્લા ૫૧મા દિવસે તબિયત ઢીલી થઇ. કહેનારાએ કહ્યું પણ ખરૂં કે હમણાં પારણું કરી લો. પછી આલોચના લઇ લેજો. મક્કમ મનના શ્રાવકે પ્રતિજ્ઞામાં દૃઢ રહેવાનું જ પસંદ કર્યું. એ જ દિવસે એમનો આત્મા નાશવંત દેહને છોડી ગયો. ધન્ય તપપ્રેમ.

## ૨૦. તપ–રાગ

મદ્રાસના તપસ્વીરત્ન શેષમલજી પંડ્યા. વર્ધમાન આયંબિલની **૧ થી ૯૪ ઓળીઓમાં એકાંતરે ઉપવાસ કરતાં!** બધી ઓળીના બધા આયંબિલ **પુરિમઢ્ઢ, ઠામ ચોવિહાર** સાથે અલ્પ દ્રવ્યથી કર્યાં! ૯૮ મી ઓળી માત્ર **ભાત અને પાણીથી** કરી! **૧૦૦મી ઓળી એક જ ધાન્યથી કરી.**આમને તપનો કેવો પ્રેમ કે ઓળીઓમાં પણ વિવિધ પ્રકારના તપ કરે! જેમ વૈજ્ઞાનિક નવી નવી શોધખોળ કરે તેમ આ તપસ્વીજી **આયંબિલોમાં પણ શુદ્ધ**

**આયંબિલ, એક ધાન્ય વિગેરે** વિશિષ્ટ સાધના કરે. તપ ઉપરાંત દયા વગેરે ગુણો પણ એવા કે મદ્રાસમાં ગરીબો અને ભૂખ્યાને નિત્ય ભોજનની વ્યવસ્થા કરી શાસનની સુંદર પ્રભાવના કરી રહ્યા છે.

## ૨૧. માસક્ષમણ-પ્રભાવે અલ્સરનો નાશ

ઝીંઝુવાડાના કાંતિભાઈને અલ્સરની બીમારી થઈ. ડૉક્ટરે દવાઓ સાથે ખાસ સૂચના કરી કે તમારે તમારી પાસે ચોવીસે કલાક દૂધ અને બીસ્કીટ રાખવા. અને બળતરા થાય કે તરત તે વાપરવા. કાંતિભાઈએ કહ્યું, 'ડોક્ટર ! રાત્રિભોજન તો હું નહીં જ કરું.' ડોક્ટરે સ્પષ્ટ કહ્યું, 'રાત્રે પણ તમારે લેવું જ પડશે, નહીં તો આ તકલીફ ખૂબ વધી જશે.' સત્ત્વશાળી કાંતિભાઈએ શુભ પરિણામો વધતાં **માસક્ષમણનો નિર્ધાર કર્યો !** સગા-સ્નેહી ઘણાંએ ખૂબ સમજાવ્યા. ન માન્યા. છેવટે કહ્યું કે પચ્ચકખાણ ૧-૧ ઉપવાસનું લેજો. તો કહે કે મારે તો એક સાથે ૩૦ નું લેવુ છે પણ ગુરૂદેવ આપે નહીં. તેથી ૧૬ નું લઈશ. ૧૬ ઉપવાસ કરી પછી ૧૪ નું લઈ માસક્ષમણ સારી રીતે પૂર્ણ કર્યું. પારણું પણ સારૂં થયું. પછી તે મરચાંની વાનગી વગેરે બધું જમતાં. **ડોક્ટરને બતાવવા ગયા, તપાસી કહે, "તમને સારું થઈ ગયું છે.** દવા વગેરે કરી તો કેવું મટી ગયું." કાંતિભાઇ કહેઃ 'દવા દૂધ વગેરે કાંઈ લીધું નથી. માસખમણ કર્યું.' ડોક્ટરને પણ આશ્ચર્ય થયું.

આ વાંચી તમારે માત્ર તાલીઓ પાડવી છે કે તેમની જેમ તમારા આત્માને આગળ વધારવો છે? એટલું સત્ત્વ ન હોય તો

નાના રોગોમાં ડોક્ટર કહે તે અભક્ષ્ય દવાનું સેવન, રાત્રિભોજન વગેરે પાપો તો ન જ કરવાં. વિશેષમાં રોગના કારણ વિના તો રાત્રિભોજન, કંદમૂળ વગેરે મોટા પાપો તો કદી ન કરવા. છેવટે તમારામાં એટલું મનોબળ ન હોય **તો પણ સગા વગેરે જે કોઈ નાની મોટી આરાધના કરતાં હોય તેમને કંદમૂળ વગેરે ત્યાગની ભાવના થાય તો તેમની ભાવના વધારવી. પણ શુભ ભાવનાનો નાશ કરવાનું કે ખોટી-ઊંધી સલાહ આપવાનું પાપ તો કદી ન કરવું એટલો સહેલો નિયમ તો લેશો ને?**

## ૨૨. આયંબિલથી મૃત્યુ પર વિજય

રાજસ્થાનવાસી એક બહેનને પેટ ઉપર સોજો થયો. વધતાં પેટ ખૂબ વધી ગયું. ડોક્ટરે તપાસી કહ્યું, **'આનો કોઈ ઈલાજ નથી. બચશે નહીં.'** કોઈએ આયંબિલનો મહિમા વર્ણવ્યો. શ્રદ્ધા નહીં છતાં મોતથી બચવા માણસ બધું કરવા તૈયાર થાય એ ન્યાયે તેમણે આયંબિલ શરૂ કર્યા.

પહેલે દિવસે જરાક જ મગનું પાણી લેવાયું. બીજું કશું નહીં. છતાં આયંબિલ ચાલુ જ રાખ્યા. થોડા મહિનામાં પેટનો બધો જ સોજો ઊતરી ગયો ! ચમત્કારી આયંબિલના પ્રભાવના આજે આવા અનેક ચમત્કારો જોવા-સાંભળવા મળે છે. કર્મનાશકારક આ મહામંગળકારી આયંબિલ યથાશક્તિ ખૂબ કરો એ જ શુભેચ્છા.

## ૨૩. જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી

પાટણના પ્રકાશભાઈનો ઝગમગતો ધર્મપ્રકાશ જાણી આપણે પણ આપણા અનંત કર્મોનો નાશ કરીએ. તેઓ રોજ ૪

થી ૫ સામાયિક કરે છે. શ્રાવકપણાની વધુ આરાધના કરવા ધંધામાંથી નિવૃત્તિ લઈ લીધી છે ! માત્ર વ્યાજમાં નિર્વાહ કરે છે. ભાઈઓએ ખૂબ આગ્રહ કરતા તેમને કહ્યું, **"દુકાને ભલે ન આવતા, પેઢીમાં તમારો ભાગ ચાલુ રહેવા દો !"** ત્યારે તેમણે ભાઈઓને મોટા પાપથી બચાવવાની ભાવનાથી જવાબ આપ્યો, 'તમે રાત્રિ ભોજન-ત્યાગ કરો તો રાખું.' ભાઈઓની એ તૈયારી ન હોવાથી પોતે પેઢીમાંથી પોતાનો ભાગ કાઢી નાંખ્યો ! કેવી અનુમોદનીય નિસ્પૃહતા ! ખુલ્લામાં સંડાસની સગવડતા મુંબઈમાં ન હોવાથી એ પાપથી બચવા મુંબઈ કાયમ માટે છોડી દઈ પાટણ રહેવા જતા રહ્યા ! **પોતાના ઘરે પુણ્યથી આવેલ સંતાનો સ્કૂલ-કોલેજના ભયંકર વાતાવરણથી અનેકાનેક પાપોથી આત્મ-અહિત ન કરે તે માટે ૭ ધોરણથી વધુ ભણાવતા નહીં!** હે જૈનો ! કદાચ તમે આટલી બધી આરાધના ન કરી શકો તો પણ સામાયિક, રાત્રિભોજન - ત્યાગ, જયણા વગેરે આરાધના યથાશક્તિ કરી સ્વહિત સાધો એ મનોકામના.

## ૨૪. પરિવાર ધર્મપ્રેમી

ટંકશાળ (કાળુપુર, અમદાવાદ)માં એક સુશ્રાવિકા રહે છે. પગથિયાના ઉપાશ્રયે ચોમાસામાં અભિગ્રહ એકાસણા કરાવેલા. તેની યોજના પ્રમાણે તેમને અઠ્ઠમ કરવાની ચીઠ્ઠી આવી. મને મળ્યા. કહ્યું, 'સાહેબ ! ઘણાં વર્ષોથી ઉપવાસ પણ કર્યો નથી. અઠ્ઠમ કરવાની ચીઠ્ઠી આવી છે.' ત્યારે મેં તેમને કહ્યું કે શક્તિ ન હોય તેને અન્ય આરાધના આપવાની મેં વાત કરી જ છે. ત્યારે તે શ્રાવિકા બોલ્યા,'સાહેબજી! ઘરના બધા કહે છે કે તારા

ભાગ્યમાં અઠ્ઠમ હતો તેથી તને એ ચીઠ્ઠી આવી છે. તો હવે તું અઠ્ઠમ કર. વળી ઘરમાં રાંધનાર બીજું કોઇ નથી છતાં ઘરના બધા કહે છે, 'અમે અમારી વ્યવસ્થા કરી લઇશું. તું તારે નિશ્ચિંત થઇને અઠ્ઠમ કર.' તે બહેન તથા તેમના ઘરના કેવા ધર્મપ્રેમી! મેં તેમની ભાવનાને પુષ્ટિ આપી. અઠ્ઠમ તેમને ખૂબ સારો થઇ ગયો. પારણે આગ્રહ કરી મને લઇ ગયા. આપણે આરાધના કરી શક્તા હોઇએ તો કરવાની જ. પરંતુ પરિસ્થિતિ આદિના કારણે કદાચ ન કરી શકીએ તોપણ બીજાને આરાધનામાં સહાયક થવું.

## ૨૫. નવપદ ઓળીથી કોઢનો નાશ

**પટણામાં ભંવરલાલજી**ની કરિયાણાની દુકાન છે. લગભગ **૧૫ વર્ષ પહેલાં** તેમને **કોઢ થયો** હતો. વધતાં વધતાં આખા શરીરે પ્રસરી ગયો. સારા વૈદ્ય-ડૉક્ટરોની દવા કરી. પણ મટતો ન હતો. તેથી આખા ભારતના અને પરદેશના પ્રસિદ્ધ વૈદ્ય-**ડૉક્ટરોને દેખાડ્યું.** પણ **ન જ મટ્યો.** નવપદની ઓળીઓ કરી. ન મટ્યો. તેમને વિચાર આવ્યો, **'શ્રી નવપદજીની ઓળીની આરાધનાથી શ્રીપાળનો કોઢ નાશ પામ્યો, તો મારો પણ જરૂર નાશ પામશે. અત્યારે કલિયુગ છે તો આરાધના વિધિપૂર્વક અને વધારે ભાવોલ્લાસથી કરીશ.'** -આવા શુભ પરિણામ લાવી ઓળીના નવે દિવસ શ્રી સિદ્ધચક્રની ખૂબ વધતાં ભાવે ભંવરલાલજીએ આરાધના કરી.

**નવે દિવસ પૌષધ કર્યા. નવે આયંબિલ તે તે વર્ણના અને એક ધાનના કર્યાં.** અને માત્ર એક જ દાણો વાપર્યો. બધા આયંબિલ ઠામ ચોવિહાર અને દેવવંદન વગેરે બધી વિધિ ખૂબ

ભાવથી શ્રદ્ધાપૂર્વક કરી અને આશ્ચર્ય એ થયું કે આવો હઠીલો **કોઢ સંપૂર્ણ મટી ગયો !** તેમના ઘરે આજે પણ તેમણે ૨ ફોટા રાખ્યા છે. કોઢવાળો ફોટો અને કોઢ મટ્યા પછીનો ફોટો. તેમને ભગવાન પર **શ્રદ્ધા એટલી બધી વધી ગઇ કે** પોતાના **ઘરમાં ભગવાનને પધરાવ્યા !** હૈયામાં તો હતા જ. નવપદની ઓળી અને આયંબિલનો અપરંપાર મહિમા જ્ઞાનીઓએ તેમના સ્વમુખે ઠેર ઠેર વર્ણવ્યો છે. આજના ભોગબહુલ કાળમાં બનતા આવા ધર્મની અચિંત્ય શક્તિના અદ્‌ભૂત પ્રસંગો જાણી આપણે આપણી ધર્મશ્રદ્ધાને ખૂબ દ્રઢ કરવી જોઇએ. અને **મહા-માંગલિક આયંબિલ આદિ આરાધના યથાશક્તિ ખૂબ ભાવ અને ઉલ્લાસથી શ્રદ્ધાપૂર્વક કરવી જોઇએ.** હે ધર્મીજનો ! તમે સુંદર સાધનાથી અનંતા કર્મોનો નાશ કરી ખૂબ આત્મહિત સાધો એ જ અંતરની અભિલાષા.

## ૨૬. તપે ડાયાબિટિસને ભગાડ્યો

મહેસાણાના એવંતીભાઇના ધર્મપત્નીને **ડાયાબિટિસને કારણે** ૫ વર્ષ પૂર્વે **આંખમાં હેમરેજ થયું.** હેમરેજવાળી નસને તપાસી નવસારીની પ્રખ્યાત આંખની હોસ્પિટલે ઉપચાર કર્યો. આંખે સારું થઇ ગયું. પણ ડાયાબિટિસ વધવાથી ફરી આંખમાં હેમરેજ થયું. **તેથી ડૉક્ટરોએ તપ કરવાની મનાઇ કરી.** છતાં તેમણે બે વર્ષ પહેલાં **શ્રેણી તપમાં** ૮૪ ઉપવાસ કર્યા ! પછી **વર્ષીતપ શરૂ કર્યો.** (આ ત્રીજો વર્ષીતપ હતો.) પછી **ચેક કરાવતા લોહી કે પેશાબમાં ડાયાબિટિસ નહોતો !** ધાર્મિક આરાધના ને ઘરનાં કામ પણ સારી રીતે કરે છે. આમ તપથી ડાયાબિટિસનો નાશ થઇ ગયો !

## ૨૭. તપની ભાવના ખરેખર છે ?

સ્મૃતિબહેનને જો વારંવાર યાદ કરી તેમના અનુભવમાંથી તમે બોધપાઠ લો તો ચોક્કસ મહામંગલકારી તપ તમે કરી શકશો. તપના ઘણાં બધાં લાભ છે. આજે લોકોમાં વિશેષ ધર્મ એક માત્ર તપ છે. સંસારમાં ફસાયેલાં પણ તપ તો જરૂર કરી શકે.

સ્મૃતિબહેનનો જાત અનુભવ તેમના શબ્દોમાં વાંચો : "ઘણાં વર્ષોથી રાત્રે સૂતી વખતે રોજ એક દુઃખ અવશ્ય મને થતું કે હું કોઇ પણ તપ કરી શકતી નથી ! ઘણાં લોકો ઉપવાસ, આયંબિલ આદિ કર્યા કરે છે. હૈયું ભરાઇ જતાં ઘણી વખત આંખમાં આંસુ આવી જતા.

સંકોચ હોવા છતાં ભાવના વધવાથી પૂ. સાધ્વીજી મ. ને મારી અંતરની વ્યથા જણાવી. તેમણે મને નિયમોથી સારૂં થશે એમ આશ્વાસન આપ્યું. દર ૩ કલાકે ભૂખથી ૧૨ આની જમવું. માત્ર ઉકાળેલું પાણી પીવું. સાંજે પ્રતિક્રમણ ને સૂતા ચારે આહારનું પચ્ચક્ખાણ કરવું. એવા નિયમ આપ્યા. આજ સુધી મને ભૂખ ઘણી લાગે. વારંવાર થોડું થોડું ખાવું જ પડે. છતાં શ્રધ્ધાથી આ નિયમો લીધાં. થોડા દિવસો તકલીફ પડી. પણ તપનો ભાવ ઘણો અને ધર્મમાં શ્રધ્ધા. તેથી આ નિયમો ચાલુ જ રાખ્યા. પણ પછી તો ધર્મપ્રભાવે અને શરીર એમ ટેવાવાથી સહેલું થઇ ગયું !"

આમ આખો દિવસ ખાનારા પણ હિંમત કરી તો અઠમ વગેરે પણ કરતાં થઇ ગયા. તમે પણ દઢ મનથી આવા ઊંચા ધર્મને કરવા માંડો. જરૂર સફળતા મળશે. સંસારની

જવાબદારીઓમાં પણ બહેનોએ યથાશક્તિ રોજ અને પર્વદિવસોએ તપ કરવો જોઇએ. તપથી અણાહારી પદ, નિર્જરા, પુણ્ય, અંતરાય નાશ, લબ્ધિઓ, સર્વત્ર સુખ અને શાંતિ, ભવોભવ ધર્મસામગ્રી વગેરે બધું ચોક્કસ મળે. વળી અભ્યાસથી પર્યુષણ વગેરે શ્રેષ્ઠ દિવસોમાં પણ મોટો તપ કરી શકાય.

## ૨૮. પ્રથમ આયંબિલનો ચમત્કાર

પાલનપુરના એ વતની હાલ સુરતમાં રહે છે. એમનું નામ ગિરીશભાઈ. એમને હોટલમાં ખાવાનું, રાત્રે ખાવાનું ઘણીવાર. કોઇ થાળી ધોઇને પીતા હોય કે આયંબિલનું ભોજન જમતાં હોય તો પણ તેમને ઉબકા આવે. એક વખત પોતાના બહેન - બનેવી અને પત્ની સાથે હોટલમાં તેઓ મજેથી ખાતા હતા અને પત્નીએ એક આયંબિલ કરવાનું દબાણ કર્યુ. બહેન - બનેવીએ આ વાતને ટેકો આપ્યો. ગિરીશભાઈ કહે કે આગ્રહ હોય તો ઉપવાસ ખેંચી કાઢું પણ આયંબિલ તો મારાથી થઇ જ ના શકે.

છેવટે બધાના દબાણથી એમણે જીંદગીનું સૌ પ્રથમ આયંબિલ કર્યું. એમને એ ખુબ અનુકુળ આવી ગયું ! બીજે દિવસે પણ કર્યું ! લગભગ ૩૨-૩૩ આયંબિલ સતત થયા ! સદ્ગુરૂની પ્રેરણાથી એમણે લાગટ ૧૦૮ આયંબિલ કર્યા !! ગિરીશભાઈની આયંબિલ ગાડી હવે ચોથા ગિયરમાં આવી ગઇ હતી એમણે સતત ૧૭૫ આયંબિલ પુરા કર્યા !!!

જે સંબંધીઓ આયંબિલ કરવા આગ્રહ કરતા હતા એ જ હવે પારણું કરાવવા આગ્રહવાળા બન્યા. શરીરનું વજન ૯૪

કીલોમાંથી ૭૪ કીલો પર આવી ગયુ હતું પણ ગિરીશભાઈને એનો વાંધો ન હતો. એમણે ૧૦૦૮ આયંબિલનો પોતાનો નિર્ધાર જાહેર કર્યો ! સંબંધીઓ આ પડકાર ઝીલી શકવા સમર્થ ના બન્યા. બધાના અતિ આગ્રહથી એમણે ૧૮૧ આયંબિલે પારણું કરવું પડ્યું.

હાલ (ચૈત્ર ૨૦૫૫) એમને વર્ષીતપ પૂર્ણ થવાના આરે છે ! એ સતત બીજો વર્ષીતપ કરવા થનગનાટ અનુભવે છે. (જૈન કાયાથી દુઃખને પણ ગણકાર્યા વગર શું શું કરી શકે છે એ વાત અહીં બહુ સ્પષ્ટ જણાઇ આવે છે.) અશક્ય એવું આ વાંચતા આશ્ચર્યમાં ડુબેલા તમે હવે ભાનમાં આવ્યા ? ક્યારેક એવું વિશ્વમાં બનતું હોય છે કે માણસને જે જે શક્ય ન લાગતું હોય તે કરવા માંડે તો ખબર પડે કે આ તો સાવ સહેલું છે અને કોઇકને તો એ એટલું ગમી જાય છે કે પછી એ એની સાધના કરે છે ! તેથી તમે પણ નક્કી કરો કે પ્રભુએ કહેલા બધાં અનુષ્ઠાનો આપણે અવારનવાર કરવા. એમ ક્યારેક એક અનોખા આનંદને મેળવવાની ચાવી તમારા હાથમાં આવી જશે !

## ૨૯. આયંબિલથી ડાયાબીટીસ મટ્યું

ભરતભાઈ અંધેરીમાં રહે છે. ડાયાબીટીસ કાયમ ૩૬૫ થી ૩૮૫ રહેતું. હાઈ બ્લડપ્રેશર પણ ૧૮૦ થી ૨૧૦ રહેતું હતું. ૪ વર્ષથી દવા રોજ લેવી પડતી. ડૉક્ટરે કહેલું કે જીંદગીભર રહેશે અને દવા રોજ લેશો તો જ કંટ્રોલમાં રહેશે. શ્રી નવપદજીની અને વર્ધમાન તપની ઓળી કરવા માંડી ! સારૂ થઇ ગયું ! ડાયાબીટીસ અને પ્રેશર બંને નોર્મલ થઇ ગયા ! દવા બંધ કરી. ચારેક વર્ષ થઇ ગયા. કોઇ તકલીફ નથી. પછી તો

ધર્મપ્રેમી આ ભરતભાઈએ ધર્મચક્ર, વીશ સ્થાનક તપ, અઠ્ઠાઇ વગેરે તપ ખૂબ સારી રીતે કર્યા. દવા તો ૪ વર્ષથી સંપૂર્ણ બંધ કરી છે. આ સત્ય દૃષ્ટાંત વાંચી તમને આપણા શ્રેષ્ઠ ધર્મમાં શ્રદ્ધા થઇ ? તો પૂજા વગેરે ધર્મ ખૂબ ભાવથી કરી આત્મિક સુખશાંતિ મેળવો.

## ૩૦. ધન્ય તપસ્વી

તપસ્વીરત્ન શ્રી નવીનભાઇ મુંબઇ ભાયંદરના છે. આમનો તપ જાણી અમારા પંન્યાસ શ્રી ભુવનસુંદરવિજયજી આશ્ચર્ય પામી ગયા. તમે પણ પામશો. એમની આરાધના વાંચી તમે ભાવથી અનુમોદના કરી યથાશક્તિ અનંત પ્રભાવી તપની આરાધના જરૂર કરજો.

માંગલિક અઠ્ઠમ તપ ( ૬ વર્ષની લઘુ વયે), નવપદ ની ઓળી ૭ વર્ષે, ૧૦ ઉંમરે અઠ્ઠાઈ, પછી તો ૯,૧૧,૧૬ અને ૨૧ ઉપવાસ માત્ર ૨૧ વર્ષની ભરયુવાનીમાં કર્યા !!! આજે જૈનો ધંધા, નોકરી, કોલેજમાં આગળ વધતા જ જાય છે. સચિન જેમ બેટીંગમાં એમ આ તપસ્વી તપમાં વિકાસ કરતા જ ગયા !

જેમ બિલ ગેટ્સ ધનપતિનો પોતાનો જ રેકોર્ડ દર વર્ષે સંપત્તિ વધારી ઘણા વર્ષોથી તોડી રહ્યો છે, તેમ આ પોતાના તપનો રેકોર્ડ તોડતા જ રહ્યા છે. વાંચો એમની તપ સિધ્ધિઓ :- માસક્ષમણ, ૩૬ ઉપવાસ, ૫૧, ૬૮,૮૫,૧૦૮ પણ કર્યા !!! બીજા પણ એમણે કરેલા તપ : ચોવિહારા ૧૬ ઉપવાસ મૌન પૂર્વક ! ૫૦૦ આયંબિલ લગભગ ૧૭ માસમાં, છઠ્ઠ થી વર્ષીતપ, અઠ્ઠમ થી વર્ષીતપ, અઠ્ઠાઈ થી વર્ષીતપ, ૧૧ ઉપવાસ થી વર્ષીતપ ! વીશ સ્થાનક તપ (૧ મહિનામાં ૨૦

ઉપવાસ કરીને), ૨ વખત સિદ્ધિ તપ, શ્રેણી તપ, શત્રુંજય તપ, પ્રદેશી તપ, નવપદની ૪૫ ઓળી, વર્ધમાન તપની ૧૮ ઓળી, આ તપ શૃંખલામાં અઠ્ઠાઈથી વર્ષીતપમાં છેલ્લે ૩૩ ઉપવાસ કરેલા. પારણું કરાવવા ખાસ શ્રેણિકભાઇ આવેલા.

અત્યારે શ્રી ગુણરત્નસંવત્સર તપ કરી રહ્યા છે ! નામ તમે સાંભળ્યું છે ? આ તપમાં પ્રથમ મહિને એક ઉપવાસે-બેસણુ એમ આખો મહિનો તપ કરવાનો. એમ જેટલામો મહિનો એટલા ઉપવાસ એટલે કે બીજા માસે બબ્બે ઉપવાસે બેસણું. એમ છેલ્લે સોળમે મહિને ૧૬ ઉપવાસ સળંગ કર્યા પછી બેસણું અર્થાત્ ૧ મહિનામાં આગળ પાછળ ૧૬ ઉપવાસ અને વચ્ચે માત્ર ૧ બિયાસણુ આવે ! આ તપમાં કુલ ૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસ અને ૭૩ બિયાસણા કરવાના હોય છે ! તમે ભાવથી હાથ જોડયા ? કદાચ તમે આટલા ઉપવાસ તો નહીં પણ જિંદગીભરમાં આટલા ચોવિહાર પણ નહીં કર્યા હોય !

૫૮ વર્ષના નિવૃત્ત આ નવિનભાઈ આવા કઠિન તપ સાથે રોજ સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય આદિ આરાધના પણ કરે છે. બીજી આરાધનામાં જાવજ્જીવ સંથારામાં સૂવે અને ચંપલ ત્યાગ છે. મૂળવિધિથી પ્રથમ ઉપધાન કર્યા ! જેમ કોઇની ૫૦ લાખની મોટર જોતા પોતાને મેળવવાની માનવને ઇચ્છા થઇ જાય છે તેમ તમને ધર્મીને આ તપની સીરિયલ વાંચતા આવા નાના મોટા તપ કરવાની શુભ ભાવના જાગે છે ? ટેણિયાઓને પણ આજે બીજાનો અઠ્ઠમ વગેરે જોઇ તપ કરવાનું મન થઇ જાય છે તો ધર્મરાગી તમને આવો કોઇ તપ કરવાનું મન થવું જોઇએ ને ?

## ૩૧. અસહ્ય વેદનામાં સમાધિ

ચંપકભાઇ ભણશાલી પાટણમાં સીરીયસ થઇ ગયા. ભયંકર પેટનું દર્દ. છતાં કહે કે ગુરુ મ. ને બોલાવો. પધાર્યા ત્યારે ખૂબ ધ્યાનથી ઉપદેશ સાંભળ્યો. સમાધિ ખૂબ સુંદર. બધાએ પૂછ્યુ કે તમારા પુત્રોને બોલાવીએ ! તો કહે મારે કોઇનું કામ નથી. મને નવકાર સંભળાવો ! અદ્ભૂત સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો. બધા શ્રાવકો આશ્ચર્ય પામ્યા. પ. પૂ. ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે વ્યાખ્યાનમાં એમની સમાધિની પ્રશંસા કરી ! આપણે પ્રભુને પ્રાર્થીએ કે અમને પણ આવું સમાધિમરણ આપજો. આ શ્રાવક ખૂબ આરાધક હતા. એમના ઘણાં અદ્ભૂત પ્રસંગો જાણવા જેવાં છે. એમની દ્રઢ શ્રદ્ધા, સત્ત્વ વગેરે આપણે માંગીએ.

## ૩૨. આશ્ચર્યકારી ઘટના (પ્રશંસનીય મૃત્યુ)

**"અહીં કોઇનું મૃત્યુ થાય તો કેવું ગણાય?'** ભરુચના ધર્મપ્રેમી સુશ્રાવક અનુપચંદ મલૂકચંદે શ્રી સિદ્ધગિરિજીમાં પૂછેલા આ પ્રશ્નના જવાબમાં જૈન ધર્મપ્રેમી ચારણે કહ્યું, "શેઠજી ! મહાન પુણ્યશાળી." 'આવું પુણ્ય મને હો.' એમ કહેતાં જ શેઠે એ ચારણના ખભે માથું ઢાળ્યું. **હીંગળાજના હડાથી ઉપરના ભાગમાં ઈચ્છા મૃત્યુ પામેલા આ શ્રાદ્ધરત્નની અદ્ભૂત પુણ્યલક્ષ્મીને** એ ચારણ હર્ષોલ્લાસથી નમી રહ્યો! આપણે પણ આવા સમાધિમૃત્યુની પ્રભુને પ્રાર્થના કરીએ.

## ૩૩. ધર્મથી સમાધિ

મુંબઇ ગોરેગાંવના મનુભાઇ. વર્ષો સુધી વેપાર વગેરે

સંસારી પ્રવૃત્તિઓમાં જ રસ. પછી શુભ ભાવનાથી ભક્તામર રોજ ગણવા માંડ્યા. વ્યાખ્યાનશ્રવણ વગેરે કરે. તેનાથી આત્મા એટલો પવિત્ર બની ગયો કે સમાધિ-મરણ મળ્યું. સીરીયસ બીમારી આવી. હાર્ટનો વાલ્વ તૂટ્યો. ડૉક્ટરે કહ્યું કે બચશે નહીં. ૧-૨ દિવસ માંડ કાઢશે. કાંઇ કહેવું છે? વગેરે સગાઓએ પૂછતાં તેઓ બોલ્યા કે મને નવકાર સંભળાવો. પછી સગાઓએ પૂછ્યું કે તમારા દીકરા-દીકરીઓને બોલાવીએ? ત્યારે કહે કે મને ધર્મ કરાવો. ભાગ્યશાળીઓ! ભાવથી આચરેલો ધર્મ મરતાં પ્રાયઃ સમાધિ આપે છે. તમે પણ કર્મનાશના ધ્યેયથી સામાયિક, વ્યાખ્યાનશ્રવણ, વાંચન વગેરે ધર્મ મનથી કરો.

## ૩૪. સમાધિ મરણ

શ્રી ''જય વીયરાય'' પરમ પવિત્ર સૂત્ર છે. શ્રી ગણધરોએ રચેલું છે. તેમાં ભવોભવ સાચી શાંતિ અને અંતે શાશ્વત શાંતિ આપનારી ૧૩ પ્રાર્થના પૈકી ૧૨ મી સમાધિ મરણની પ્રાર્થના પણ કરી છે. શ્રી તીર્થંકરો ફરમાવે છે કે મોત તો બધા જીવોએ. અનંતાનંત કહ્યા છે. પરંતુ અસમાધિ મૃત્યુને કારણે દુઃખ જ પામતા રહ્યા છે. જો માત્ર એક વાર પણ મોત સમાધિથી થાય તો ભવોભવ દિવ્ય શાંતિ, સુખ અને ટુંક સમયમાં મોક્ષ મળે !!!

મેઘજીભાઈએ જે રીતે મરતાં સમાધિ મેળવી એ અનુમોદનીય છે, ઇચ્છનીય છે. મોટા મોઢા ગામવાસી મેઘજીભાઈની બીમારી વધતાં ભત્રીજો જામનગર હોસ્પીટલ લઇ ગયો. ખબર પડી કે અલ્સરનું ચાંદુ હતું. સારવાર કરાવી. પણ પાછી તકલીફ થતી. વારંવાર આવું થયું. પૂછતાં ડૉક્ટરે કહી દીધું કે બચવાની આશા બિલકુલ નથી.

મેઘજીભાઈને પણ અણસાર આવી ગયો હશે કે હવે મૃત્યુ નજીક છે. તેથી તે બધા સાથે ક્ષમાપના કરવા માંડ્યા. અને સમાધિની જ ઇચ્છા વ્યક્ત કરતા ! આ બીમારીમાં મેઘજીભાઈના સંસારી સગા પૂજ્ય પંન્યાસજી વજ્રસેનવિજયજી મ. સા. તથા બીજા મહાત્માઓ તથા સાધ્વીજીઓ તેમને ધર્મ સંભળાવવા અવારનવાર પધારતા. ત્યારે તે ખૂબ પ્રસન્ન દેખાતા અને કહેતા, " હે પૂજ્યો ! બસ મને સમાધિ અપાવો." આવી સીરીયસ હાલતમાં પણ આ સુશ્રાવક દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના અને નવકાર જાપ કર્યા કરતા !!

તા. ૧૫/૦૭/૯૪ એ તેમણે પત્નીને કહ્યું, " હું હવે જઈશ. તુ આરાધના કરજે." ભત્રીજાને પણ પોતાના ધર્મપત્નીની સંભાળ રાખવા સૂચના કરી. પછી પોતાને હોસ્પીટલમાંથી ઘરે લઇ જવા આગ્રહ કર્યો. તે કહે, "હવે મને દવા ન આપશો. મને માત્ર નવકાર સંભળાવો, આરાધના કરાવો." તેમના ગામમાં ઘરે તેમને લઇ જવામાં આવ્યા. પૂ. પં. વજ્રસેનવિજય મ. સા. તેમના ઘરે પધાર્યા. વાસક્ષેપ નંખાવ્યો. પછી તો પોતાને અતિ પ્રિય એવી શ્રી નવકાર મંત્રની ધૂન લગાવી ! કોઇ પણ બીજી વાત કરે તો નિષેધ કરી નવકારની ધૂન કરવા દબાણ કરે !

આમને પહેલાં બે એટેક આવેલા. અનેક જાતની વેદના, ખૂબ નબળાઈ અને ઘણી બેચેની હોવા છતાં પોતે નવકારનું રટણ કર્યા કરતા ! બીજાઓ નવકાર બોલે તો ખૂબ ખુશ થતા ! સાંજે ૫.૩૦ વાગે સ્વયં સજાગ બની ગયા. સામે રખાવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન તથા પૂ. પંન્યાસજી

શ્રી ભદ્રંકરવિજય મ. સા. ના ફોટાને વંદન કરી પદ્માસને બેસી ગયા !!! સગા સંબંધી બધા આવી ગયેલા. સાધ્વીજી મહારાજોને પણ બોલાવેલા. નવકાર સંભળાવતા હતા. પોતે ઈશારાથી નવકાર સંભળાવવાનું ચાલુ રાખવા કહ્યું, અને આંગળી ઊંચી કરી ! જાણે કે કહેતા હતા કે હું ઉપર જાઉં છું ! કાઉસ્સગ્ગ મુદ્રામાં રાત્રે ૭ વાગે સદ્‌ગતિ સાધી લીધી !

જીવનમાં મેઘજીભાઈએ રૂા. ૬૦ લાખ સદ્‌વ્યય, પાલીતાણા ભાતા ખાતામાં છેલ્લે રૂા. ૧૧ લાખનું દાન, જીવિત મહોત્સવ વગેરે આરાધના કરેલી ! છેલ્લે પત્નીને કહેલું, "૧૦૦ ઓળી કરનારા તપસ્વીઓનું બહુમાન સોનાથી કરજે તથા પ્રભુભક્તિ વગેરે આરાધના કરજે !" તેમની ભાવના હતી કે મારી સમાધિ માટે ૧ કરોડ નવકાર ગણાય. પૂ. વીરસેનવિજયજી મહારાજશ્રીએ ૧ કરોડ અને બીજાઓએ કુલ ૪૫ લાખ નવકાર તેમને આપ્યા હતા !

અનાદિ કાળથી આપણે સાંસારિક તુચ્છ ભોગો પાછળ ભટકી ભયંકર દુઃખો મેળવ્યા છે. ધર્મપ્રેમી આપણે આ લોકોત્તર શાસન પામી સમાધિના સુખને મેળવવા જેવું છે. આપણે પણ પ્રભુને અંતરથી પ્રાર્થના કરીએ કે અમને પણ મૃત્યુ સમયે બધું ભૂલી પદ્માસનમાં અંતિમ આરાધના પૂર્વક નવકારધ્યાન લાગે અને ભવોભવ આરાધના ખૂબ કરી સ્વહિત સાધીએ.

## ૩૫. સિદ્ધગિરિથી પોપટને જૈન ધર્મની પ્રાપ્તિ

**આ સત્ય પ્રસંગ લગભગ ૮૭ વર્ષ પહેલાં બની ગયો છે.** સમેતશિખરજી માટે લડતાં વકીલના સ્વમુખે આ વાત સાંભળીને ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા પેદા કરવી જોઇએ. ૧૧ દિવસનો એ બાળક ખૂબ

રડે છે! ઘણાં ઉપાયે શાંત ન રહેતાં **'ક્યું ન ભયે હમ મોર...' એ સ્તવન** ગાવા માંડ્યું. રડવાનું છોડી છોકરો ધ્યાનથી સાંભળવા લાગ્યો! પછી જ્યારે રડે ત્યારે આ સ્તવન સંભળાવી શાંત રાખે. સિદ્ધાચલજીની તાજી યાત્રાની યાદરૂપે તેનું નામ સિદ્ધરાજ પાડ્યું. ૩ વર્ષના તેને સોનાકાકી વાલકેશ્વર દર્શને લઇ ગયા ત્યારે બોલી ઊઠ્યો 'પેલા આદિનાથ તો મોટા છે.' પૂછતાં તેણે જણાવ્યું **'સિદ્ધાચલજીના આદેશ્વર દાદાની મેં ગયા (પોપટના) ભવમાં પૂજા કરી છે.'** એને કદી પાલીતાણા લઇ ગયા ન હતા. તે સિદ્ધગિરિના દર્શન કરાવવાની જીદ કરવા લાગ્યો. ૩ વર્ષના તેને પાલીતાણા લઇ ગયા. સોનગઢ અને શિહોર ગામે ગિરિરાજ દેખાડી સિદ્ધરાજ કાકાને કહે છે 'આ જ સિદ્ધાચલજી.' પાલીતાણા પહોંચી યાત્રા માટે તેને ડોળીમાં બેસવા કહ્યું. પણ તે કાકાની **આંગળી પકડી ચડવા માંડ્યો!** બાઇ ઉપાડીને લઇ જાય તે માટે સમજાવ્યો પણ ન માન્યો. વચ્ચે ક્યાંય પણ બેઠા વિના ઉપર પહોંચી ગયો ! તેની ભાવના જાણી પહેલી પક્ષાલ પૂજા વગેરે કરાવ્યા. ઘરનાં ચૈત્યવંદન કરતાં હતા ત્યારે તે અડધો કલાક દાદા સામે ધ્યાનમાં બેસી ગયો. યાત્રા પછી અત્યંત આનંદી દેખાયો. **તે ગિરિરાજ ઉપર પાણી પણ પીતો નહીં !** એક બે વાગે નીચે ઉતરી જમતો. તેનું પ્રિય સ્થાન (સિદ્ધવડ) તેણે બધાંને બતાવ્યું. પૂછતાં તેણે કહ્યું કે યાત્રાએ આવેલા આ ઢઢ્ઢાજી અને તેમના માતુશ્રીને જોઇ મને એમને ત્યાં જનમવાનું મન થયું હતુ. ૪ વર્ષના આ બાળકને તેના ઘરનાં મ. સા. પાસે લઇ ગયા. તેની સાથે વાતો કરી **પૂ. મુની શ્રી કર્પૂરવિજયજી મ. આદિએ કહ્યું કે આને જાતિસ્મરણ થયું લાગે છે.** હજારો યાત્રાળું એના દર્શને આવતા. **આ બાળક મોટો થઇ કલકત્તા વેપારી ચેમ્બરમાં મોટા હોદ્દા ઉપર હતો.**

પૂર્વજન્મના આવા ઘણાં પ્રસંગો આજે સંભળાય છે. અનંત કાળથી પૂર્વજન્મને બતાવનાર સંપૂર્ણ સત્ય એવા જ્ઞાનીના બધા વચનોને જાણી, સમજી આપણે ધર્મસાધના કરી સદ્ગતિ ને શીઘ્ર

શિવગતિ મેળવીએ.

## ૩૬. ધર્મની નિંદાનું ઈન્સ્ટન્ટ ફળ

**૫-૭ વર્ષ પહેલાંની આ સત્ય હકીકત છે.** સુરતથી લગભગ ૧૫૦ કિ.મી. દૂર એક ગામ છે. **૨૮ વર્ષનો યુવાન** વર્તમાન જમાનાની અસરને કારણે ધર્મવિરોધી હતો. સંઘ દર મહિને અંગલુછણા નવા કાઢતો હતો. આવી સામાન્ય બાબતમાં પણ તે નિંદા કરે કે ભગવાનને અંગલુછણા નવા સારા જોઈએ વગેરે ક્યાં જરૂર છે ? આમ **ધર્મના ઘણાં કામમાં વિરોધ કર્યા કરે.** ભરયુવાનવયે એને **આંતરડાનું કેન્સર થયું.** ખૂબ હેરાન પરેશાન થાય છે. કારણ સમજી ગયો. ઘરના મારફત ટ્રસ્ટીઓને બોલાવી તેણે કહ્યું, "**મેં સંઘની ને ધર્મની ખૂબ આશાતના કરી છે. તેનું ફળ ભોગવી રહ્યો છું.** છતાં મને એ આશ્વાસન છે કે અહીં જ પાપફળ મળી રહ્યું છે. એટલા મારા પાપ ઓછા થાય છે. વેદના અને મોતનો મને ડર નથી. પણ **સર્વત્ર સર્વને મારો દાખલો આપી મારા વતી કહેશો** કે ધર્મ, સંઘ વગેરેની નિંદા, આશાતના કદી ન કરતા..." હે દુ:ખ–ભીરૂઓ ! થાય એટલો ધર્મ કરજો. પણ દેવ, ગુરૂ, ધર્મ વગેરેની નિંદા, અવહેલના વગેરે ન કરશો.

## ૩૭. જિનશાસનની ક્રિયા પણ હિત કરે

સાધુ જીવનમાં રોજ બે વાર પડિલેહણ કરવાનું પરમાત્માએ બતાવ્યું છે તે કેટલું બધુ મહત્ત્વનું છે તેનો જેને અનુભવ થાય તેમનું પરમાત્મા આગળ મસ્તક ઝૂક્યા વિના રહે નહિ ! આવા કરૂણાનિધિ પરમાત્માનું શાસન કેવું હિતકર છે તે સમજાય. એક દિવસ એક મહાત્મા બપોરે વડિલશ્રીનુ પડિલેહણ કરવા ગયા. આસનનું પડિલેહણ કરતાં તેમાં ઊનના નાના પીસ

(કટકા) જેવું લાગ્યું. માટે બારીકાઇથી જોયું તો કાંઇક જીવાત જેવું લાગ્યું. તેથી ધ્યાનથી જોયું તો નાનો કાનખજુરો આસનમાં હતો ! જયણા કરી ! વડિલશ્રી બચી ગયા !!! અને પરમાત્માના શાસન પ્રત્યે અહોભાવ ઘણો વધી ગયો. અનંત વંદના હો આ જિનશાસનને, જેણે રોજ અહિંસામય બે વાર પડિલેહણની ક્રિયા બતાવી છે !! આ સુંદર પ્રતિલેખન બીજા કોઇ ધર્મમાં બતાવ્યું નથી ! સર્વજ્ઞે બતાવેલી સઘળી ધર્મક્રિયા સ્વપરહિત કરે છે !!

## ૩૮. પાછલા ભવનું પાપ સ્વપ્નમાં જોયું

**વિક્રમભાઇ નાગપુરના છે.** તેમનો આ સત્ય પ્રસંગ આપણને ઘણું બધું કહી જાય છે. લગભગ ૩ વર્ષ પહેલાં તેમને **હથેળીમાં ફોલ્લી થઇ.** ચિંતા ન કરી. ૫-૭ કલાક પછી **લબકારા ખૂબ વધી ગયા. ડૉક્ટરને બતાવ્યું.** ડૉક્ટરને શંકા પડતાં મોટા ડૉક્ટર પાસે મોકલ્યા. તપાસી કહ્યું,''અંદર ખૂબ રસીને કારણે પોઇઝન થઇ ગયું છે. **અડધો હાથ કપાવવો પડશે.** મોડું કરશો તેમ વધુ હાથ કપાવવો પડશે.'' ગભરાઇ ગયા. ડૉક્ટરે હિંમત આપી. તરત ઓપરેશન કરાવ્યું. હાથ કપાવ્યો. ઘેન ઉતરતાં દર્દ વધુ લાગતું હતું. ઊંઘ આવતી નથી. **વિચારે ચડ્યા** :- 'એકદમ આ શું થઇ ગયું ? એક નાની ફોડકીમાંથી આટલું મોટું પ્રકરણ થઇ ગયું ? હવે હાથ વિના જીંદગીમાં કેટલી બધી મુશ્કેલી પડશે. **કયા પાપનું મારે આ ફળ ભોગવવું પડ્યું ?'** ખૂબ યાદ કરે છે, પણ કાંઇ યાદ આવતું નથી. ઘણી મોટી આફતમાં ફસાયા હોવાથી પાપને યાદ કરી રહ્યા છે. ને એમ વિચારમાં ઊંઘ આવી ગઇ.

થોડીવારે ચીસ પાડી. કુટુંબીઓએ પૂછતાં **પોતે જે સ્વપ્ન જોયું તેની વાત કરી. ખૂબ ધ્યાનથી આ વાત જાણવા જેવી છે.** ઊંઘમાં સ્વપ્નમાં તેમણે જોયું કે **જેસલમેરમાં તોફાન થયું છે.** એક

મુસલમાનના ટોળામાં પોતે પણ જઇ રહ્યા છે. પોતે પણ મુસલમાન છે. રસ્તામાં મંદિરમાં કેટલાય ઘૂસ્યા. **સાથે ઘુસેલા એમણે મૂર્તિ તોડવા માંડી.** હાથ તોડી નાખ્યો. **પછી વિચારે ચડ્યા :- "મેં આ શું કરી નાખ્યુ ?** ભગવાનનો હાથ તોડી મેં મોટી ભૂલ કરી." **એમ ખૂબ પશ્ચાત્તાપ થયો** અને ઊંઘમાં જ ચીસ પાડી ઊઠ્યા. ઊંઘ ઊડી ગઇ.

પછી તો હાથે રૂઝ આવવા માંડી. ડૉક્ટરે જોઇ કહ્યું.''તમને તો વાળ પણ ઊગવા માંડ્યા છે. તેનો અર્થ તમારો હાથ જીવંત છે. સારી નિશાની છે.'' સારું થયા પછી ડૉક્ટરે સલાહ આપી,''અમદાવાદમાં નકલી હાથ બેસાડે છે.'' બેસાડાવ્યો. નકલી બેસાડેલા એ હાથથી પોતે વસ્તુ પણ ઉઠાવી શકે છે એ **પૂ. આ. ભ. શ્રી જયસુંદરસૂરિ.મ.** ને વિક્રમભાઇએ દેખાડ્યું ! રબરનો નકલી હાથ પણ દેખાડ્યો. થોડા સમય પછી સ્કુટર પણ ચલાવી શકશે એમ ડૉક્ટરનું માનવું છે. વર્તમાનના આ પ્રસંગથી આપણને અદ્રશ્ય અતીન્દ્રિય ભવમાં ડોકિયું કરવાની તક મળે છે. **કયા કારણે હાથ કપાવવો પડ્યો ? એની ખૂબ વિચારણા કરવાથી પાછલા ભવનું પાપકર્મ સ્વપ્નમાં જોવા મલ્યું. મૂર્તિનો હાથ ભાંગ્યો તો પોતાનો હાથ કપાવવો પડ્યો એ કર્મ ઉદયમાં આવ્યું એટલે કેવું થઇ ગયું ? અચાનક જ હાથમાં પરૂ થઇ પોઇઝન થવા માંડ્યું. પણ પાછળથી કરેલ પશ્ચાત્તાપે કેવાં સુંદર ફળ આપ્યાં ?** :- ડૉક્ટર રોગને પકડી શક્યા. સમયસર સારવારથી વધુ સડો ન થયો. **કપાયેલો હાથ પણ પાછો મલ્યો (નકલી).** કેટલાંક કામો પણ નકલી હાથથી કરી શકે છે.

આપણને દેખાય નહીં કે, માનીએ નહીં તો પણ જેમ ખાધેલું ઝેર ક્યારેક મારી પણ નાખે, તેમજ કરેલ નાનાં મોટાં બધાં પાપ ક્યારેક અવશ્ય ભયંકર દુઃખ આપે જ છે. તેથી હે બુદ્ધિશાળી મિત્રો! તમારા પોતાના સ્વાર્થ માટે બધાં પાપો છોડો.

## ૩૯. તીરથની આશાતના નવિ કરીયે !

વડોદરાની શ્રાવિકા આશાતનાના માઠા ફળ અનુભવી આપણને ચેતવે છે કે ભાઇઓ ! તીર્થ વગેરેની શક્ય એટલી ભક્તિ કરો. પણ મારો આગ્રહ છે કે આશાતના તો થોડી પણ ન કરતા. આમને આપણે ધર્મજ્ઞા નામ આપીએ. આ બહેન લખે છે : "મેં કરેલી એ આશાતના મારાથી જીંદગીભર ભૂલાશે નહિ. ૨૪ વર્ષની ઉંમરે પાલીતાણા પહેલી વાર યાત્રા કરવા મળી. ૨ યાત્રા કર્યા પછી થાકથી પગમાં ખૂબ કળતર થતું હતું. ચાલતા પગ આડા અવળા પડતા હતાં. દર્દથી કંટાળી મારાથી બોલાઇ ગયું, "બાપરે! આવી ત્રાસદાયક યાત્રા કરવા બીજી વાર નહીં આવું" સાંભળી સગાઓએ મને ઘણું સમજાવ્યું કે આવું ન બોલાય. પણ કોઇનું માન્યું નહીં. ૫-૭ વર્ષ પછી ફરી કાકાજી ના સંઘમાં જવાનું થયું. ત્યારે યાત્રા કર્યા પછી ખૂબ પગ દર્દ થવાથી ફરી એવું જ બોલી પડી. પછી પણ આ ભયંકર પાપનો પસ્તાવો પણ ન થયો. કોણ જાણે આ પાપને કારણે જ પછી ૧૪ વર્ષ સુધી યાત્રા કરવા ન મળી!

પાલીતાણા યાત્રા કરવાના પ્રોગ્રામ ઘણીવાર ઘડ્યા પણ કોઇને કોઇ વિઘ્ન આવી પડે ને યાત્રા થાય જ નહીં. આવું ઘણીવાર થવાથી મન વિચારે ચડ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે મેં બે વાર આ ભયંકર આશાતના કરી. તેથી ૧૪-૧૪ વર્ષથી યાત્રા થતી નથી." તેથી ખૂબ જ પસ્તાવાપૂર્વક દાદાને અંતરથી ઘણીવાર કાકલૂદી કરે, માફી માંગે. છોકરાઓને પણ સમજાવે કે તીર્થની આશાતના કદી ન કરવી. ૧૪ વર્ષ પછી નણંદ સપરિવાર પાલીતાણાની યાત્રા કરવા જતા હતા. આમંત્રણ

મળવાથી આ બહેને પોતાના બે સંતાનને સાથે મોકલવા વિચાર્યું. પોતાને ૨ દિવસ ઘણો પશ્ચાતાપ થયો કે ૧૪ વર્ષથી યાત્રા થતી નથી. મારે પણ યાત્રા થાય તો કેવું સારૂ ? ભલે ! અત્યારે પુત્ર પુત્રીને તો થાય છે ને ! તેમના ધન્ય ભાગ્ય ! પોતે પણ દાદાને યાત્રાએ બોલાવવા આજીજી કરી, "સજા માફ કરો. હવે ક્યારેય કોઈપણ તીર્થની આશાતના નહીં કરુ !!"

પાલીતાણા નીકળતા નણંદ બા કહે, " ભાભી, તમે પણ ચાલો. મારા ભાઈએ તમને પણ આવવા રજા આપી છે ! ૩-૪ દિવસ તમારા બધાં વિના ભાઈ પોતાનું બધું સંભાળી લેશે." દાદાએ પોતાને માફ કરી, એમ વિચારી ધર્મજ્ઞાબહેન તો રાજી રાજી થઈ પાલીતાણા જવા તરત તૈયાર થઈ ગયા. નીકળ્યા પણ મનમાં ઉંડે ઉંડે ભય લાગતો કે ભયંકર પાપ કર્યા છે. કોઈ વિધ્ન તો નહીં આવે ને ? માંડ પુણ્યોદય જાગ્યો છે તો દાદાની યાત્રા તો થશે ને ? પરંતુ સાચા પશ્ચાતાપના કારણે હેમખેમ પાલીતાણા પહોંચ્યા ! ત્યારે આનંદ આનંદ થઈ ગયો. બીજે દિ' યાત્રા કરવા ગયા. બહેનની તબિયત અસ્વસ્થ હતી. તેથી નણંદ વગેરેએ ડોળીમાં બેસવા ખૂબ આગ્રહ કર્યો, પરંતુ ૧૪ વર્ષે ભાગ્ય જાગ્યું છે તેથી મનમાં ઉલ્લાસ જાગ્યો કે ગમે તે થાય પણ યાત્રા તો ચઢીને જ કરવી છે. ઉમંગથી ઉપર પહોંચ્યા. ત્યારે ધર્મજ્ઞાબહેનનો મનમોરલો નાચી ઉઠ્યો ! દાદાના દર્શન કરતા આભાસ થયો કે જાણે દાદા મને આવકાર આપી રહ્યા છે ! હર્ષાશ્રુ સાથે દાદાનો ખૂબ ખૂબ આભાર માનવાપૂર્વક ભાવથી ખૂબ ભક્તિ કરી.

બીજી બે યુવતીઓ પણ યાત્રાએ ગયેલી. ખૂબ થાકથી પગ

દુખવાથી એકે વિચાર્યું કે આવી યાત્રા ફરી નહિ કરૂં. પછી ભાન આવતાં પશ્ચાતાપ કર્યો. હે જૈનો ! તમે શુભ ભાવથી શત્રુંજય જાવ છો. દાદા અને કવડ યક્ષને નિર્વિઘ્ન યાત્રાની વિનંતી કરી યથાશક્તિ ધીમે ચડવું ને ધીમે ઉતરવું, ભક્તિભાવ વધારવો અને આશાતનાના પાપો ત્યજવા. દાદાનો અચિંત્ય પ્રભાવ છે કે બિમારને પણ ખૂબ સારી રીતે યાત્રા ચોક્કસ થશે !!!

आभुषण बनने के लिये सोनेको गलना पडता है,
बात बातमें मत रुठो यारो, चिल्लाने से क्या मिलता है ?
महापुरुष बनने वालों को, धरतीकी तरह सहना होता है ।

## ૪૦. પરભવ છે જ, સદ્ગતિ માટે સાધના કરો

ચાણસ્મામાં **નરેશનો જન્મ** થયો હતો. ૪ વર્ષની ઉંમરે તેણે કહેવા માંડ્યું,**"હું તો હરગોવન પટેલ છું. વિરમગામમાં મારું ઘર છે !** મારે બે દીકરા છે...." વગેરે ઘણું બધું તેણે કહ્યું. તે વારંવાર આવું બોલે છે. તેથી ઘરના તેને **વિરમગામ લઇ ગયા.** પહેલીવાર વિરમગામ ગયેલો છતાં તેણે પોતાની શેરીમાં **પોતાનું ઘર બતાવ્યું !** પછી કહે,"અહીં જ મારું ઘર હતું. એને તોડી કોઇએ નવું ઘર બનાવ્યું છે." ઘરનાને પૂછતાં તેમણે કહ્યું 'અમે ખરીદીને નવું બાંધ્યું છે. હરગોવનભાઇ પહેલાં અહીં રહેતા હતા. તેમના ઘરના અમુક સ્થળે રહેવા ગયા છે....' ત્યાં ગયા. નરેશે તેની **તે ભવની પત્ની, પુત્ર વગેરેને નામ સાથે ઓળખી બતાવ્યાં. !** અરે ! એ તો ઠીક, તે ભવમાં પત્ની-પુત્ર સાથે થયેલી **કેટલીક વાતો, સાબિતીઓ, જે માત્ર પત્ની, પુત્ર જ જાણતાં હતાં તે બધું કહી બતાવ્યું !!** આગળ વધી તે ભવની પોતાની કેટલીક ખાસિયતો પણ સંભળાવી !!! હરગોવનભાઇ ફેંટો (પાઘડી) જેમ બાંધતા હતા તેમ આ ૫ વર્ષના

ટેણિયાએ માથે પહેરી બતાવ્યો ! નરેશે પહેલાં કદી ફેંટો બાંધ્યો પણ નહોતો.

અતિ આશ્ચર્યની વાત તો એ છે કે તેણે પૂછ્યું કે ''નાનિયો ક્યાં છે ?'' **હરગોવનભાઇના નાના દીકરાને ઘરમાં નાનિયો કહેતા હતા. તે અમદાવાદમાં નોકરી કરતો હતો.** સાથે આવેલા નરેશના વડીલોને પાકી ખાતરી થઇ કે આ નરેશ જ પાછલા ભવમાં હરગોવનભાઇ હશે. પછી બધાં ચાણસ્મા પાછા ગયા. પટેલના ઘરનાએ અમદાવાદ નાનિયાને કાગળ લખી બધી હકીકત લખી જણાવ્યું કે આપણા બાપા ચાણસ્મામાં જન્મ્યા છે.નાનિયો મહિના પછી **બાપાને મળવા ચાણસ્મા ગયો.** સરનામું પૂછતા પૂછતા રસ્તામાં જતો હતો ત્યાં **રસ્તામાં રમતા નરેશે આને જોયો કે તરત જ બોલ્યો, ''નાનિયા, તું આયો ?''** ને એમ બોલતો દોડ્યો. નાનિયો પણ અજાણ્યા છોકરાને પોતાનું નામ બોલતો સાંભળી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. નરેશ નાનિયાને તેના ઘેર લઇ ગયો. નરેશના મોઢેથી તે ભવની **બધી વાતો સાંભળી નાનિયાને પણ ખાતરી થઇ ગઇ કે નરેશ જ અમારા બાપાનો આત્મા છે !**

**પ્રો. બેનરજીએ આની તપાસ કરી આ કિસ્સો લખ્યો છે.** આ સત્ય ઘટના જાણ્યા પછી કેટલાક મહાત્માઓએ વ્યાખ્યાનમાં નરેશને ઊભો કરી તે ઘટના વ્યાખ્યાનમાં સંભળાવી છે. નરેશ ૩ વર્ષ પહેલાં મુંબઇ બોરીવલીમાં રહેતો હતો. ત્યાં મને પણ મળ્યો હતો. પ્રો. બેનરજી અને **અમેરિકા વગેરેના બીજા ઘણાં સંશોધકોએ આ અને આવાં દુનિયાભરનાં પૂર્વજન્મનાં સેંકડો સત્ય દૃષ્ટાંતો જાતે વૈજ્ઞાનિક સંશોધન કરી** પુસ્તકોમાં છપાવ્યાં છે. આમ આજે ઘણાં ભણેલાઓને પણ પૂર્વજન્મ ખરેખર છે જ એ માનવું પડે છે ! તીર્થંકર ભગવંતોએ તો સાક્ષાત્ આપણા બધાના આવા અનંતાનંત ભવો જોયા છે અને આ વિષયમાં ખૂબ જ વિસ્તારથી વિગતવાર વર્ણન અનંત વર્ષોથી કર્યું જ છે.

**તમારે** તમારી સુંદર બુદ્ધિનો ઉપયોગ કરી આ બધી બાબતોનો **ઊંડો અભ્યાસ કરી પરભવ છે જ એવો દૃઢ નિશ્ચય કરવા જેવો છે.** હવે અહીં અને પછીના જન્મોમાં આપણા આત્માનું હિત શું કરવાથી થાય તે માર્ગદર્શન મહાન જ્ઞાનીઓ પાસેથી અને શાસ્ત્રો પાસેથી મેળવી દાન વગેરે શુભ કાર્યોથી સદ્‌ગતિ ભવોભવ અને પ્રાંતે પરમપદને પામો એ જ સલાહ.

## ૪૧. આરાધનાએ આફતને ભગાડી

**કલકત્તાની વાત છે.** ૨૯ વર્ષ પહેલાં ધસમસતું ભયંકર વાવાઝોડું દૂર દેશથી કલકત્તા તરફ આવી રહ્યું હતું. આગાહી જાહેર કરાયેલી કે વાવાઝોડું કલકત્તા પર ત્રાટકવાની સંભાવના ઘણી છે. હજારો લોકો કલકત્તા છોડી ભાગવા માંડ્યા. ત્યારે **પ.પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર** (પછી આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી) **કલકત્તામાં બિરાજમાન** હતા. તેમણે સંઘને આ આપત્તિથી બચવા **ભાવથી ધર્મના શરણની અને આરાધનાની વાત કરી. પ્રેરણા કરી કે આખો સંઘ આખી રાત શ્રી નવકાર મંત્ર ગણે. પોતે પણ જાપમાં બેસી ગયા ! ધર્મ પ્રભાવે વાવાઝોડું બીજી દિશામાં ચાલ્યું ગયું.** એ એટલું પ્રચંડ હતું કે જ્યાં ગયું તે તરફ પણ લગભગ ૪ હજાર માણસો મરી ગયા. કલકત્તા પર ત્રાટક્યું હોત તો કદાચ લાખોની જાનહાની થઇ હોત. કુદરતી આફત વખતે હે શ્રદ્ધાળુઓ, સંપૂર્ણ શ્રદ્ધાથી ધર્મ આરાધના ખૂબ વધારવી. **ભયંકર આપત્તિથી બચાવવાની તાકાત એક માત્ર ધર્મમાં** જ છે.

## ૪૨. મહામંત્રે ટ્રેન રોકી

**ઈર્લાના નેમચંદભાઈ વગેરે** શ્રી સમેતશિખરજી તીર્થરક્ષા માટે સ્પે. ટ્રેનમાં નીકળ્યા. **૨ વર્ષ પહેલાની વાત છે.** રસ્તામાં એક સ્ટેશને દૂરથી **દૂધ લઇ પાછા આવતા હતાં.** અને તેમની ટ્રેન ચાલુ થઇ. એ જોઇને થોડે દૂર રહેલ પૂલ પરથી પાછા આવતા નેમચંદભાઇએ નવકાર ગણતાં દોટ મૂકી. તે પહોંચે તેટલીવારમાં તો ટ્રેન નીકળી

જાય તેમ હતુ. મધ્યપ્રદેશમાં અજાણ્યા સ્ટેશન પર એ શું કરે ? સાથીદારો ટ્રેનમાં ને પોતે બે જણ પૂલ ઉપર. ટ્રેનમાં બેઠેલ દેવચંદભાઇ વગેરે પણ, નેમચંદભાઇ ટ્રેનમાં ભેગા થઇ જાય માટે **નવકાર ગણવા માંડ્યા. અને ચમત્કાર થયો. ટ્રેન જરાક ચાલીને ઉભી રહી ગઇ !** નેમચંદભાઇ પહોંચીને બેઠા. બધાંને નિરાંત થઇ. અનાદિકાલીન મહામંત્રનો અદ્‌ભૂત પ્રભાવ છે.

## ૪૩. મરતા નવકાર

એ સુશ્રાવક મહેસાણામાં જ રહે છે. તેમનાં બહેન પૂના રહે છે. થોડા વર્ષ પહેલાં એક વાર તે જતાં હતાં. **રસ્તામાં એક ગાય** જોઈ. તે **મરવા પડી હતી.** કરુણાથી **નવકાર સંભળાવ્યા !** મરી ગઈ. થોડા સમય પછી ઘરમાં ભીંત ઉપર પ્રકાશ-પ્રકાશ થઈ ગયો. બહેન જોઈ જ રહ્યા. પ્રકાશ ગોળ ગોળ ફરવા લાગ્યો. તેમાં વચ્ચે **ગાય પ્રકટ થઈ.** બહેને બે હાથ જોડી પૂછ્યું, "આપ કોણ છો" **ગાયે બધી વાત કરી,** "તમે જેને નવકાર સંભળાવ્યો તે ગાય હું છું. **તમારો ખૂબ આભાર, જરૂર પડે ત્યારે યાદ કરજો.** તમને સહાય કરીશ" **દેવ અદૃશ્ય થઈ ગયા.** થોડા સમય પછી ગાય રૂપે આવીને કહે, **"કાલે તમારી દીકરીને નિશાળે ન મોકલશો."** બીજા દિવસે સ્કૂલનું મોટું ફંક્શન હતું. દીકરીએ ફંક્શનમાં જવાની ખૂબ જીદ કરી. માએ દીકરીને રૂમમાં પૂરી દીધી. પ્રસંગ પછી સમાચાર આવ્યા કે **સ્કૂલનું મકાન બેસી ગયું.** માને થયું કે ચેતવણી આપી **દેવે દીકરીને બચાવી!** આ પ્રસંગ વાંચી આપણે નિર્ણય કરીએ કે ઉપકારીઓ, વડિલો અને સર્વેને મરતાં નવકાર અવશ્ય સંભળાવીશું. તેથી તેમને સદ્‌ગતિ મળવાની શક્યતા ઘણી છે. પછી સદ્‌ગતિની પરંપરા ચાલે. **દેવ બનીને ગાય મળવા આવી તેથી બહેનની શ્રદ્ધા, આરાધના વગેરે ઘણાં વધી** ગયાં. આ બહેન હજુ ય હયાત છે.

**ભાગ-૩ સંપૂર્ણ**